**આજનો સુવિચાર**

પૈસામાં ભલે કરકસર કરો, પરંતુ માણસાઈમાં ઉદારવાદી રહો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૦૮ જૂનાગઢ તા.૨૪-૪-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 108, Junagadh : Date : 24 April, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### કોરોના મહામારીનાં ત્રણ વર્ષ પૂર્ણ : ૨૪ માર્ચ ૨૦૨૦નાં રોજ દેશમાં પ્રથમ લોકડાઉન લાદવામાં આવ્યું હતું

## કોરોનાને કારણે દેશની અર્થવ્યવસ્થા અને સામાન્ય લોકો ઉપર અસહ્ય ફટકો પડયો : મોંઘવારી બેફામ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૪

માર્ચ ૨૦૨૦નો મહિનો કોણ ભૂલી શકે? કોરોના રોગચાળો ફાટી નીકળતાં, ૨૨ માર્ચે જનતા કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો અને ૨૪ માર્ચે પ્રથમ વખત લોકડાઉન થયું હતું. આ પછી, લોકડાઉનનો સમયગાળો જેણે દેશમાં આર્થિક પ્રવૃત્તિઓને ખરાબ રીતે અસર કરી, તે જ સમયે અર્થતંત્રને નકારાત્મક ઝોનમાં મૂકયું. તેની કંપનીઓના બિઝનેસ પર પણ નકારાત્મક અસર જોવા મળી, જેના કારણે લાખો લોકોએ નોકરી ગુમાવી હતી. કોવિડ રોગચાળાના તે સમયગાળાને ત્રણ વર્ષ થઈ ગયા છે. આવી સ્થિતિમાં, એ મૂલ્યાંકન કરવું જરૂરી છે કે કોરોના રોગચાળાને કારણે લોકડાઉનના નિર્ણયની અસર લગભગ ૧૦૦૦ દિવસ પછી એટલે કે ત્રણ વર્ષ પછી પણ અર્થવ્યવસ્થા અને સામાન્ય માણસ પર ઊંડી અસર પડી છે.

લોકડાઉનની અર્થવ્યવસ્થાની સાથે સામાન્ય માણસને પણ ખરાબ અસર થઈ છે. પ્રથમ મોટી અસર એ થઈ કે લોન મોંઘી થઈ. જે દેશમાં ૭૦થી ૮૦ ટકા જરૂરી ચીજવસ્તુઓ લોન પર એટલે કે **EMI** પર ખરીદવામાં આવે છે, ત્યાં લોકોના ખિસ્સા પર તેની શું અસર થઈ હશે તેનો અંદાજ લગાવી શકાય છે. વૈશ્વિક સ્તરે કાચો માલ મોંઘો બન્યો છે. આ કારણે ભારતમાં શાકભાજી, કઠોળ, ઘઉં અને અન્ય ખાદ્ય ચીજોના ભાવ સતત વધતા રહ્યા છે. કિચનનું બજેટ બગડ્યું. આવક ઘટી. સામાન્ય માણસ હજુ પણ તેમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

## અલ-નીનોને કારણે સમગ્ર વિશ્વનાં વાતાવરણમાં ઉથલપાથલ સર્જાશે : ગરમી હાહાકાર મચાવશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૪

ભારત જ નહીં વિશ્વના અનેક ભાગોમાં હવામાનમાં અસામાન્ય ફેરફાર સાથે ઉનાળો આકરો બની રહ્યો છે. આગામી મહિનાઓમાં અલ નીનોની સ્થિતિ સર્જાવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. ત્યારે હવામાન નિષ્ણાંતોએ એવી ચેતવણી આપી છે કે સમગ્ર વિશ્વમાં ચાલુ વર્ષે ગરમીનો પ્રકોપ સર્જાશે

અને તાપમાનમાં સરેરાશ ૧.૫ ટકાની વૃધ્ધિ થવાનું અનુમાન છે. અલનીનોના પ્રભાવ હેઠળ ગરમીમાં ચિંતાજનક વધારો થવાની ચેતવણી આપતા હવામાન નિષ્ણાંતોએ એમ જણાવ્યું છે કે ૨૦૨૩ અને ૨૦૨૪માં ન્યુનતમ તાપમાનનો રેકોર્ડ તુટી શકે છે અર્થાત ધરતી વધુ તપશે એટલું જ નહીં વૈશ્વીક તાપમાનનમાં ૧.૫ ટકાનો વધારો



થશે. યુરોપીયન સંઘના કોપરનીકસ કલાયમેટ સર્વિસના રીપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની વાપસી થવાના સંકેત છે. ભારતીય હવામાન વિભાગના અનુમાન મુજબ અલ નીનોની સંભાવના ૭૦ ટકા છે અને જુન, જુલાઈ, ઓગષ્ટમાં તેનો વધુ પ્રભાવ જોવા મળી શકે છે. બીજી તરફ યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડના હવામાન વિભાગે જણાવ્યું હતું કે ભારતમાં ચોમાસાના વરસાદમાં ૧૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. આ જ રીતે દક્ષિણ આફ્રિકા, ઈન્ડોનેશીયા, ઓસ્ટ્રેલિયા તથા પ્રશાંત દ્વીપ હેઠળના દેશોમાં ગરમીની હાલત વધુ ખરાબ રહી શકે છે. વિશ્વના અનેક ભાગોમાં દુષ્કાળ અને વરસાદની ગેરહાજરીના કારણે પરિસ્થિતિ ઘણી વિકટ થઈ શકે છે. પ્રશાંત મહાસાગરમાં પેરૂની નજીક દરિયાઈ સપાટી ગરમ થવાની ઘટનાને અલ નીનો કહેવામાં આવે છે. અલ નીનોને કારણે પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્યથી વધુ થઈ જાય છે. આ પરિવર્તનને કારણે હવામાનનું ચક્ર અત્યંત ખરાબ રીતે પ્રભાવિત થઈ જાય છે. છેલ્લા ૧૯ વર્ષમાં ૯ વખત અલ નીનોનો પ્રભાવ જોવા મળ્યો હતો અને તેમાંથી ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૯ અને ૨૦૧૫-૧૬માં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય હતી.

## લોકસભાની ચૂંટણી પહેલા વિપક્ષનું મહાગઠબંધન રચવા કવાયત

### મમતા બેનરજી, નિતિશકુમાર, અખિલેશ યાદવ, રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતનાં નેતાઓ દ્વારા કવાયત તેજ



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૪

આગામી વર્ષે યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપનો મુકાબલો કરવા માટે વિપક્ષી એકતાની કવાયત વધુ તેજ બનાવવામાં આવી હોય તેમ બિહારનાં મુખ્યમંત્રી નીતીશકુમારે કોંગ્રેસ નેતાગીરી સાથે બેઠક કર્યા બાદ હવે મમતા બેનરજી સાથે મીટીંગ કરશે. આજે કોલકતામાં તેઓ મમતાને બેનર્જીને મળશે તેમજ સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવને પણ મળશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે તથા રાહુલ ગાંધીને મળ્યા બાદ નીતીશકુમારે વિપક્ષી એકતાની રણનીતિમાં બદલાવ કર્યો હોવાના સંકેત છે.

બિહારનાં મુખ્યમંત્રી તથા વિપક્ષી એકતા માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહેલા નીતિશકુમારે કહ્યું હતું કે ભાજપ વિરોધી પક્ષોને એક કરવા માટે રીતસર એક અભિયાન કરવામાં આવશે. મમતા બેનરજીએ ગત મહિને અખીલેશ યાદવ તથા ઓડીશાનાં મુખ્યમંત્રી નવીન પટનાયક સાથે પણ સમાન પ્રકારે મીટીંગ કરી હતી.

જયારે નીતીશકુમાર કોંગ્રેસની નેતાગીરીને મળ્યા હતા. હવે આજે તેઓ મમતા બેનરજી તથા અખીલેશ યાદવને મળશે. રાજકીય સુત્રોએ કહ્યું કે લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપ વિરોધી પક્ષોનું મહાગઠબંધન રચવાનો પાયો નાખવાની દિશામાં આજની બેઠક ઘણી મહત્વની છે. કોંગ્રેસનાં નેતાઓ તથા મમતા બેનરજીનાં અત્યાર સુધી વિરોધાભાસી નિવેદનો આવતા રહ્યા છે. તેવા સમયે નીતીશકુમારની પહેલ મહત્વની છે. કોંગ્રેસ નેતાઓ સાથેની બેઠકમાં રાજદના નેતા તેજસ્વી યાદવ પણ હાજર હતા. બિહારનાં એક સીનીયર નેતાએ આ બાબતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે નીતીશકુમાર આજે સપા નેતા અખીલેશ યાદવને લખનૌમાં મળવાના છે. તેજસ્વી યાદવ પણ સાથે રહેવાનું માનવામાં આવી રહ્યું છે.

## બીજો ભીંદરાણવાલે બનવાનો પ્રયાસ કરી રહેલ અમૃતપાલ આઈએસઆઈનું પ્યાદુ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૪

પંજાબમાં ફરી એક વખત ખાલીસ્તાની ચળવળ જીવંત કરવાના પ્રયાસ કરવા માટે ભીંદરાણવાલે સ્ટાઈલ અપનાવનાર અમૃતપાલ સિંહને ઝડપીને ફકત અલગતાવાદી જ નહી પાકિસ્તાનની ચાલ પણ ઉંધી વળી ગઈ છે. અમૃતપાલસિંહ નાસી છુટયા બાદ તેણે પંજાબ, હરિયાણા, ઉતરાખંડ અને દિલ્હીની સરહદોની આસપાસ જ રહેલા એકબાદ એક ગુરુવારામાં આશરો લીધો હતો અને ૩૬ દિવસમાં ૨૨ ઠેકાણા બદલાયા હતા. છેક સમયે પંજાબ પોલીસ તથા કેન્દ્રનું ગુપ્તચર વિભાગ તેનો ઓછો કરતું હતું અને અંતે તેને શરણે લાવવા માટે જે તેના પરિવાર પર દબાણ લવાયું તે સફળ રહ્યું હતું. અમૃતપાલસિંહની પત્ની જે બ્રિટીશ નાગરિક છે તે ભારત છોડવા માટે રવાના થયા પણ તેમને અમૃતસર વિમાની મથક જ રોકી દેવાઈ જેથી અમૃતપાલને માટે ભારત છોડવાનો વિકલ્પ પણ બંધ કરી દેવાયો તે ફરી નેપાળના માર્ગે દુબઈ જવા માંગતો હતો પણ તેની દરેક ચાલ ઉંધી વાળવામાં આવી અને પછી શરણે થવા સિવાય કોઈ વિકલ્પ જ ન હતા. હવે તેને પંજાબથી ૨૪૦૦ કિમી દુર આસામની દિબ્રુગઢ જેલમાં



ખસેડાયો છે અને તપાસનો દૌર કેન્દ્રીય એજન્સીઓ સંભાળી લીધો છે. વાસ્તવમાં અમૃતપાલસિંહના પાકની જાસૂસી એજન્સી આઈએસઆઈ એક પ્યાદા તરીકે ઉપયોગ કરીને પંજાબમાં અશાંતિ ફેલાવવા માંગતી હતી અને તેને તબકકાવાર ભિંદરેવાલે જેવી સ્થિતિમાં લાવવા માટે ભંડોળ અને શસ્ત્રોની પણ ખાતરી આપવામાં આવી હતી. પંજાબના યુવકોને ફરી પાકમાં તાલીમ આપવા સહિતના આયોજનો હતો પણ અમૃતપાલસિંહ એક ક્રિમીનલથી વધુ આગળ જઈ શકે તેમ ન હતો. પંજાબમાં તેને મર્યાદીત ટેકો હતો અને તે પણ તેનાથી છૂટતા તેના સાથીઓ પણ દુર રહ્યા હતા.

## કુનો નેશનલ પાર્કમાં વધુ એક ચિત્તાનું મોત

ભોપાલ તા. ૨૪ : દક્ષિણ આફ્રિકામાંથી ભારત લાવવામાં આવેલા વધુ એક ચિત્તાનું મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્કમાં મોત થયું છે. ચિત્તા ઉદય બિમાર હોવાથી તેની કુનો નેશનલ પાર્કમાં સારવાર કરવામાં આવી રહી હતી તે દરમ્યાન તેનું મૃત્યુ થયું હતું. લગભગ ૧ મહિનાના સમયગાળામાં કુનો નેશનલ પાર્કમાં ચિત્તાના મોતની આ બીજી ઘટના છે. અગાઉ તા. ૨૭ માર્ચના રોજ નામીબીયામાંથી લાવવામાં આવેલી માદા ચિત્તા શાસાનું કિડનીની સમસ્યાના કારણે મોત થયું હતું. આ મામલે મધ્યપ્રદેશના મુખ્ય વન સંરક્ષક જે.એસ. ચૌહાણનું નિવેદન સામે આવ્યું છે. દક્ષિણ આફ્રિકાથી લવાયેલા વધુ એક ચિત્તા ઉદયનું કુનો નેશનલ પાર્કમાં બિમાર પડ્યા બાદ સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અત્રે ઉલ્લેખનિય છે કે, ગત વર્ષે નામીબિયા અને દક્ષિણ આફ્રિકાથી કુનો નેશનલ પાર્કમાં ૨૦ ચિત્તા લાવવામાં આવ્યા હતા. જોકે બે ચિત્તાના મૃત્યુ નિપજતા હવે ચિત્તાઓની સંખ્યા ૧૮ રહી છે.

## વડાપ્રધાન મોદી આજથી ૭ શહેરોનાં વિદ્યુતવેગી પ્રવાસે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૪

વડાપ્રધાન મોદી આજથી વિદ્યુતવેગી શરૂ કરવા જઈ રહ્યા છે. ૩૬ કલાકની અંદર તેઓ ૭ શહેરોની મુલાકાત લેશે અને ૮ કાર્યક્રમોમાં ભાગ લેશે. આ દરમિયાન તે લગભગ ૫૩૦૦ કિલોમીટરની મુસાફરી કરશે. તેઓ અનેક જગ્યાએ નવા પ્રોજેકટનો શિલાન્યાસ પણ કરવાના છે. વડાપ્રધાન મોદીની આ યાત્રા રાજધાની દિલ્હીથી શરૂ થશે. સૌથી પહેલા તે મધ્યપ્રદેશના ખજુરાહો પહોંચશે. અહીંથી તેઓ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' સંબંધિત કાર્યક્રમમાં ભાગ લેવા માટે રીવા જશે. ૧ લાખ યુવાનો સાથે વાતચીત વડાપ્રધાન નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશથી સીધા દક્ષિણ ભારત પહોંચશે. કડક સુરક્ષા વચ્ચે તે કેરળના કોચી પહોંચશે. અહીં તેઓ વેન્દુરુતિ બ્રિજથી સેક્રેડ હાર્ટ કોલેજ થેવરા સુધી ૧.૮ કિલોમીટરનો રોડ શો યોજશે. આ પછી તેઓ ભાજપ યુવા મોરચાના 'યુવમ' કાર્યક્રમ હેઠળ ૧ લાખ યુવાનો સાથે વાતચીત કરશે. વોટર મેટ્રો અને વંદે ભારતને લીલી ઝંડી ૨૫ એપ્રિલે વડાપ્રધાન ભારતની પ્રથમ વોટર મેટ્રોનું ઉદ્ઘાટન કરશે, જે કોચી વોટર મેટ્રો તરીકે ઓળખાશે. આ પ્રોજેકટ પાછળ ૭૪૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ પ્રકારની પ્રથમ બોટ સેવા છે જે મેટ્રો રેલ નેટવર્ક સાથે જોડાયેલ છે. આ કાર્યક્રમનું આયોજન તિરુવનંતપુરમમાં કરવામાં આવશે.

## ન્યુઝીલેન્ડમાં ૭.૧ની તિવ્રતાનો ભુકંપ લોકો ભયભીત : સુનામીની ચેતવણી

વિલિંગ્ટન તા.૨૪ : ન્યુઝીલેન્ડમાં ભૂકંપ આવવાનો સિલસિલો અટકવાનું નામ લઈ રહ્યો નથી. ભારતીય સમય અનુસાર આજે સવારે ૬:૧૧ વાગ્યે ભૂકંપના તીવ્ર ઝટકા અનુભવાતાં લોકોમાં ભય ફેલાઈ ગયો છે. આ ભૂકંપ ન્યુઝીલેન્ડના કેર્માડેક દ્વીપ ઉપર આવ્યો છે જેની તીવ્રતા ૭.૧ની માપવામાં આવ્યું છે. ભૂકંપનું કેન્દ્ર જમીનની નીચે ૧૦ કિ.મી.ની ઉંડાઈ પર હતી. ભૂકંપ બાદ સુનામીની ચેતવણી પણ આપવામાં આવી છે.

## મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી સમૂહલગ્ન યોજનામાં કન્યાઓનો પ્રેગનન્સી ટેસ્ટ કરાવાતા ભારે વિવાદ : પાંચ યુવતિનાં લગ્ન અટકાવાયા

ભોપાલ તા. ૨૪ : મધ્યપ્રદેશમાં ચાલી રહેલી મુખ્યમંત્રી સમૂહ લગ્ન યોજના વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. વાસ્તવમાં, શનિવારે ડિંડોરી જિલ્લામાં ગરીબ પરિવારની ૨૧૯ છોકરીઓના લગ્ન થવાના હતા, પરંતુ મેડિકલ ચેકઅપ દરમિયાન પાંચ છોકરીઓનો પ્રેગ્નન્સી ટેસ્ટ પોઝિટિવ આવ્યો અને તેમના લગ્ન રોકી દેવામાં આવ્યા. સમૂહ લગ્ન પહેલા મેડિકલ તપાસને લઈને હવે રાજકારણ ગરમાયું છે. ડિંડોરી જિલ્લાના ગડસરાઈ ખાતે સમૂહ લગ્ન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે પાંચ છોકરીઓનો પ્રેગ્નેન્સી ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો, તેમાંથી એક યુવતીએ કહ્યું કે તેણે લગ્ન પહેલા જ તેના મંગેતર સાથે રહેવાનું શરૂ કરી દીધું હતું. છોકરીએ કહ્યું, 'મારો પ્રેગ્નન્સી ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે.' જેના કારણે મારું નામ પરણવાની છોકરીઓની અંતિમ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું. જો કે, સત્તાવાળાઓએ મને કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નથી. આ બાબતે, બાછડગાંવ ગામના સરપંચ મેદાની મારવીએ જણાવ્યું હતું કે આવા પરીક્ષણો પહેલાં ક્યારેય કરવામાં આવ્યા ન હતા. વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, ડિંડોરીના મુખ્ય તબીબી અધિકારીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે, તપાસ કરવા માટે પરીક્ષણો કરવામાં આવે છે. ઉંમર વેરિફિકેશન, સિકલ સેલ એનિમિયા અને ફિઝિકલ ફિટનેસ. તેમણે કહ્યું, 'ઉચ્ચ સત્તાવાળાઓના કહેવાથી શંકાસ્પદ છોકરીઓ પર ગર્ભાવસ્થા પરિક્ષણ કરવામાં આવ્યું હતું.' 'તેમણે કહ્યું કે, અમે ફક્ત પરીક્ષણો કરીએ છીએ અને તારણોનો અહેવાલ આપીએ છીએ. સમૂહ લગ્ન યોજનામાંથી છોકરીઓને બાકાત રાખવાનો નિર્ણય આરોગ્ય વિભાગના અહેવાલના આધારે સામાજિક ન્યાય વિભાગ દ્વારા લેવામાં આવે છે.'

**લોન... લોન... લોન...**

ગૃહિણી (લેડીસ) ને જો ઘરનું મકાન હોય તો ૨૫૦૦૦ સુધી ની લોન મળશે લોન લેવા માટે ૧૯ વર્ષ હોવા જરૂરી છે

લોન લેનાર દરેક વ્યક્તિને સેમસંગનો મોબાઈલ ફ્રી આપવામાં આવશે

મો. ૮૧૫૫૮૮૩૯૩૮

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

**NIT® ટેકનીકલ કોલેજ**

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેક્ટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી તદ્દન નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com






# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પુરાતન સંસ્કૃતિની અસ્મિતા સાચવી વિશ્વસ્તરે ખ્યાતી અપાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે : વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ

## મંત્રીએ હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ પ્રદર્શનની મુલાકાત લઈ કલાકારોનો ઉત્સાહ વધાર્યો





વેરાવળ, તા.૨૪

સૌરાષ્ટ્ર તમિલ સંગમમ અંતર્ગત તમિલ ભગિનીઓ સાથે નેતાઓનો પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. તમિલનાડુથી આવેલ ૩૦૦ સૌરાષ્ટ્ર તમિલ ભગિનીઓ તેમજ મિડિયા સાથે કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા વાર્તાલાપનુ આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રીએતમિલ ભગિનીઓને આવકારી હર્ષ વ્યક્ત કરતા કહ્યું હતું કે, અક્ષય તૃતીયાના પાવન દિવસે ભગવાન સોમનાથની ભૂમિ ઉપર બે સંસ્કૃતિઓનો સંગમ થઈ રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશીતમિલ સંગમ અનેસૌરાષ્ટ્ર તમિલ સંગમ દ્વારા તમિલનાડુના ભાઈઓ-બહેનોને તેમની પુરાતન સંસ્કૃતિ સાથે જોડયા છે. મંત્રીએ તમિલનાડુની સમૃદ્ધ સંસ્કૃતિ અને ભાષાને ગુજરાત સાથે જોડવાના આ સંગમને હૃદયનો સંબંધ જણાવી હેન્ડીક્રાફટ અનેહેન્ડલુમ દ્વારા અહીં કળાનું પણ આદાન-પ્રદાન થયું છે તેમ ઉમેર્યું હતું. મંત્રીએ સોમનાથ પથિકા પરિસર ખાતે આવેલ હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જયાં તેમણે કલાકાર સલીમ દ્વારા બનાવવામાં આવેલી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આકૃતિને નિહાળીતેની કલાની પ્રશંસા કરી એ કૃતિ પર હસ્તાક્ષર કર્યા હતા અને વિવિધ સ્ટોલની મુલાકાત લઈ અને કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો. આ તકે, મંત્રીએ દ્વારકા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે પ્રવાસીઓને ઝલક આપી હતી અને વધુમાં જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ લેનાર અને ભારતની એકતા માટે સર્વોચ્ચ અર્પણ કરનાર સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પિત કરતા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું પ્રધાનમંત્રી મોદીએ નિર્માણ કરાવી તેમની ખ્યાતિનો પરચમ વિશ્વસ્તરે લહેરાવ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ ભારતને વિકસિત દેશ તરીકે વિશ્વ સ્તરે સ્થાપિત કરવા અને ૧૪૦ કરોડ ભારતીયોની સુખાકારી માટે પ્રતિબદ્ધ થયા છે. જેમ સરદાર પટેલે ભગવાન સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરી મંદિરની અસ્મિતાને પુનઃસ્થાપિત કરી તે જ પ્રકારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશી વિશ્વનાથ મંદિર કોરિડોર અને મહાકાલ મંદિર ઉજજૈન કોરિડોરનુ નિર્માણ કરી પુરાતન સંસ્કૃતિને સાચવીને વિશ્વમાં તેમની દિવ્યતાનો ફેલાવો કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે ત્યારે ભગવાન સોમનાથના સૌ પર આશિષ રહે અને ભારત દેશ વિવિધતામાં એકતા સાથે આગળ વધી પ્રગતિના સર્વોચ્ચ શિખર ઉપર પહોંચે તેવી શુભકામના વ્યક્ત કરી હતી. આ તકે રાજયના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા, પ્રવાસનમંત્રી મુળૂભાઈ બેરા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને જિલ્લા પંચાયત પ્રમુખ રામીબેન વાજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ દ્વારા પરશુરામ જયંતિની ઉજવણી




જૂનાગઢ, તા.૨૪

ભગવાન પરશુરામજીના જન્મજયંતિ નિમિત્તે શ્રી કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ ખાતે ઉજવણી કરવામાં આવી હતી તેમજ મુખ્ય અતિથી મેહુલભાઈ દવે (બ્રહ્મ સમાજના યુવાપાંખ પ્રમુખ) અનો નાગભાઈ વાળા (ગાયત્રી પરીવાર) ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વકતા મેહુલભાઈ દવેએ પોતાના વિચારો રજુ કર્યા હતા તેમજ એમ.ડી. નારેન્દ્રભાઈ ભુત તથા સોસાયટીના ડીરેકટરો અને કર્મચારીગણની અનો સભ્યોની હાજરીમાં કિરીટભાઈ રૂપારેલીયાએ આભાર વિધી કરી કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

# રાજકોટની પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં એમઆરઆઈ મશીનનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટન

## રૂા. ૯.૩૪ કરોડના ખર્ચે સ્થાપિત મશીનથી દર્દીઓની તકલીફોનું નિદાન તથા સારવાર કરવામાં સરળતા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૪

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અખાત્રીજના શુભ દિવસે રાજકોટની પંડિત દીનદયાલ ઉપાધ્યાય (સિવિલ) હોસ્પિટલમાં એમ.આર.આઈ. (મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજીંગ) મશીનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેનો સિવિલ હોસ્પિટલમાં આવતા જરૂરતમંદ દર્દીઓ લાભ લઈ શકશે.મુખ્યમંત્રીને સિવિલ હોસ્પિટલ ખાતે અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદી તથા ડો. અંજના ત્રિવેદી, તેમજસિવિલના સ્ટાફે પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. ગુજરાત સરકાર દ્વારા રૂા. ૯.૩૪ કરોડના ખર્ચે મે.સિમેન્સ ઈન્ડિયા પ્રા.લિ.નું લેટેસ્ટ ટેકનોલોજીવાળું ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન રાજકોટની પી.ડી.યુ. મેડીકલ કોલેજ ખાતે પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. જેના કારણે દર્દીઓને મગજ તથા શરીરના અન્ય ભાગોના ફોટા પાડવામાં મદદ મળશે, અનેદર્દીઓની તકલીફોનું નિદાન તથા સારવાર સરળતાથી થઈ શકશે.આ તકે પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદોસર્વ મોહનભાઈ કુંડારિયા અને રામભાઈ મોકરિયા, ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, દર્શિતાબહેન શાહ, મેયર પ્રદીપભાઈ ડવ, રાજકોટ કલેક્ટર પ્રભવ જોશી, શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, મ્યુનિસિપલ કમિશ્નર આનંદકુમાર પટેલ, .ડી.સી.પી. સુધીર દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, અધિકારી સંદીપ વર્મા, અગ્રણીઓ ભરત બોઘરા, કમલેશ મિરાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયના પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ મંત્રી રાઘવજી પટેલે સુત્રાપાડા અને કોડીનારના માઢવાડ બંદરની મુલાકાત લીધી



કોડીનાર તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાની મુલાકાતે આવેલા મંત્રી રાઘવજીભાઈ પટેલે ગીરના સુત્રાપાડા અને કોડીનારના માઢવાડ બંદરની ખાસ મુલાકાત લીધી હતી.જેમાં સુત્રાપાડા અને માઢવાડ ખાતે બની રહેલી જેટ્ટીની ખાસ સમીક્ષા કરી હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજથી ૬ મહિના પહેલા આ બંને બંદર પર કરોડોના ખર્ચેજેટ્ટી તેમજ હાર્બર બનવા જઈ રહ્યા છે.ત્યારે કામ ક્યાં અને કેટલે પહોંચ્યુ તે અંગે અધિકારીઓ તેમજ સ્થાનિકો સાથે ચર્ચા કરી હતી.સરકાર લેવલે કોઈ કામ અટકતું હોય તો તે બાબતે તુરંત કાર્યવાહી આગળ ધપાવવાની ખાત્રી આપી હતી. સાથે તેઓએ એવું પણ જણાવ્યું હતું કે,' મારા આવ્યા પહેલા આ કામ મંજુર થઈ ગયું છે.તત્કાલીન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર આ હાર્બર વહેલી તકે શરૂ થાય તે બાબતે પ્રયત્નશીલ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ અંગત રસ લઈ આ માછીમારોના હિત માટે સૂચના આપી રહ્યા છે.વહેલી તકે આ કામગીરી પૂર્ણ થાય તેનાથી હજારો માછીમારોનું જીવન સમૃદ્ધ થશે.''

જયારે કોટડા ગામના સરપંચ બાબુભાઈ અને માછીમારોએ મંત્રી ને રજૂઆત કરીએવું જણાવ્યું કે અહીંયા જે બંદર અને જેટી બની રહી છે તે સારી વાત છે પણ અમારા કોટડા બંદરે પણ બોટ પાર્કિંગ કરવા માટેની કોઈ વ્યવસ્થા નથી ત્યારે તાત્કાલિક વ્યવસ્થા કરવી જરૂરી તેમજ અમારા બંદરે જેટી નાબને ત્યાં સુધી માઢવાડ બંદરે બનનાર જેટી માં કોટડા બંદર ની બોટ પાર્કિંગ કરવાની મંજૂરી મળવી જોઈએ અંને કોટડા થી જેટી ને જોડતો માર્ગ પણ તાત્કાલિક બનાવવા માંગણી કરી હતી આ મુદ્દે મંત્રી એ તેઓને જવાબ આપતા જણાવ્યું હતું કે બંદરો નો વિકાસ કરવો એજ અમારું લક્ષ છે તમારા દરેક મુદ્દે તમે સૌ આગેવાનો ધારાસભ્ય સાથે ગાંધીનગર આવો અને આપ સૌ ની સમસ્યાનું પણ નિરાકરણ કરીશું.

# દ્વારકા : જગત મંદિરનાં પુજારી દ્વારા શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે મેરૂ શ્રીયંત્રનું પૂજન કરાયું

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા. ૨૪

ગુજરાતનાં પ્રસિધ્ધ અંબાજી ખાતે વિશ્વનાં સૌથી મોટા શ્રીયંત્ર સ્થાપન કરવાનાં અનુસંધાને ચારધામની યાત્રાએ નીકળેલા જય ભોલે ગૃપ અમદાવાદના સદસ્યો દ્વારકાધીશ મંદિરમાં શ્રીયંત્રનાં મોડેલની પ્રતિકૃતિ સાથે આવી પહોંચેલ હતાં. ત્યારે દ્વારકાધીશ જગત મંદિરનાં પુજારી દિપકભાઈ ઠાકર દ્વારા મેરૂ શ્રીયંત્રની પ્રતિકૃતિનું શાસ્ત્રોકતવિધિ-વિધાનથી પૂજન કરવામાં આવેલ હતું. જય ભોલે ગૃપ અમદાવાદનાં દિપેશભાઈ પટેલ દ્વારા અંદાજીત એક કરોડનાં ખર્ચે પંચધાતુમાંથી નિર્મિત દિવ્ય અને ભવ્ય શ્રીયંત્ર અંબા માતાજીને અર્પણ કરવામાં આવશે. આ શ્રીમંત્રની લંબાઈ પહોળાઈ ઉંચાઈ સાડા ચાર ફુટનું આશરે ૨૨૦૦ કિલોનું રહેશે. જેનું પચાસ ટકા કામ જીઈઆડીસી વટવા ખાતે પૂર્ણ થઈ ચુકયું છે. અને હજુ બેથી ત્રણ માસમાં પૂર્ણ થશે. ભોલે ગૃપનાં ૬ સભ્યો અંબાજીથી ૧૨૦૦ કિમીની



ચારધામ યાત્રાએ નિકળ્યા હોય જેની શરૂઆત દ્વારકા ખાતેથી કરતા શ્રીયંત્રની પ્રતિકૃતિ સાથે દ્વારકાધીશ જગત મંદિરે પહોંચ્યા હતાં.

# રાજકોટનું ગૌરવ : ગુજરાતમાં સૌપ્રથમ બાળકોની સિસ્ટમેટિક સારવાર, સુવિધા અને ગ્રોથ સંબંધી

## માપદંડો આધારિત સેવા બદલ "મુસ્કાન" ક્વોલિટી એસ્યોરન્સ સર્ટિફિકેટ મેળવતી પદ્મકુંવરબા સરકારી હોસ્પિટલ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા. ૨૪

નવજાત શિશુ અનેબાળકોની ઉચ્ચ કક્ષાની ગુણવત્તા સભર કેર કરતી સેવાઓ બદલ રાજકોટની પદ્મકુંવરબા સરકારી હોસ્પિટલને ગુજરાતમાં સૌ પ્રથમ મુસ્કાન (સ્ેજઊક્ષ્ઠ) સ્ટેટ ક્વોલિટી એસ્યોરન્સ સર્ટિફિકેટ થી પ્રમાણિત કરવામાં આવી છે.

આ અંગે વિગત આપતા પદ્મકુંવરબા હોસ્પિટલ અધિક્ષક ડો. કેતન પીપળીયા એ જણાવ્યું છે કે, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત સરકારી હોસ્પિટલમાં ગુણવત્તા સભર આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે વિવિધ પેરામીટર્સ નક્કી કરતો મુસ્કાન પ્રોગ્રામ શરુ કરવામાં આવ્યો છે. જે મુજબ હોસ્પિટલ ખાતે બાળકોની સિસ્ટમેટિક ટ્રીટમેન્ટ અને ગ્રોથ સંબંધી વિવિધ માપદંડ અંગે ટીમ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવે છે, અને તેના ગુણાંકન પરથી હોસ્પિટલને ૯૦% માર્ક મળેલ છે. જેના આધારે પદ્મકુંવરબા હોસ્પિટલને આ સર્ટિફિકેટ મળેલ છે. બાળકોની સારવાર અને કેર સંબંધી માપદંડ અંગે વિશેષ માહિતી આપતા આર.એમ.ઓ. ડો નૂતને જણાવ્યું હતું કે, મુસ્કાન પ્રોજેક્ટ અંતર્ગત હોસ્પિટલ ખાતે બાળકો માટે ચાર ભાગમાં વ્યવસ્થા ઉપર નિદર્શ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ હોસ્પિટલ ખાતે બાળકના જન્મ સમયે જ કોઈ બીમારી દેખાય તો તેમને એસ.એન.સી.યુ. માં દાખલ કરવામાં આવે છે. જેમાં આઈસોલેશન, વેન્ટિલેટર, વોર્મર, કલીનલીનેસ, ફાયર સેફટી સહિતની સુવિધા જરૂરી છે. બાળકને ભવિષ્યમાં કોઈ બીમારી થાય તો તે માટે અલગથી ઓ.પી.ડી. કેસવિન્ડો, દવા બારી જરૂરી છે. બાળકોને દાખલ કરવાની જરૂર પડે તો હોસ્પિટલમાં અલગથી પીડિયાટ્રિક વોર્ડની સુવિધા, એન.આર.સી.સેન્ટર જરૂરી છે.

નવી માર્ગદર્શિકા મુજબ બાળકનેમાત્ર છ માસ નહીં પરંતુ બાળકને બે વર્ષ સુધી માતાનું દૂધ મળી રહે, બાળકનુંતાપમાન જળવાઈ રહે, તેમજ બાળકને માતાનો સતત સ્પર્શ મળી રહે તે માટે માતાને પ્રશિક્ષિત કરવામાં આવે છે. કોઈ સંજોગોમાં બીમારી સબબ બાળકને હોસ્પિટલ લઈ જવાની જરૂર પડે તો ઓક્સિજન, તેમજ જરૂરી સાધન સાથે ડોકટર્સની નિગરાનીમાં એમ્બ્યુલન્સમાં પહોંચાડવામાં આવે તે માટે ખાસ ગાઈડલાન પાળવાની હોઈ છે. ચોથી ગાઈડલાઈન ડોક્યુમેન્ટેશન છે. જેમાં બાળકોનો ગ્રોથ, વેક્સિનેશન વજન, ઉંચાઈ,મેન્ટલ સ્ટેટ્સનો રેકોર્ડ રાખવામાં આવતો હોવાનું ડો. નૂતન જણાવે છે. સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ ખાતે પીડિયાટ્રિશ્યન, રેસિડેન્ટ ડોક્ટર્સ, નર્સિંગ સહીત કુલ ૧૬ લોકો સેવારત છે. જયારે પીડિયાટ્રિક વોર્ડમાં ૦૬, પીડિયાટ્રિક ઓ.પી.ડીમાં ડોક્ટર્સ તેમજ નર્સિંગ નો ૦૫ વ્યક્તિનો સ્ટાફ ફરજ બજાવે છે. સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ ખાતે એપ્રિલ - ૨૦૨૨ થી માર્ચ - ૨૦૨૩ માં ૫૩૫ બાળકોને ઈમર્જન્સી સારવાર તેમજ પીડિયાટ્રિક વોર્ડમાં ૩૫૯ બાળકોને સારવાર પુરી પાડવામાં આવી છે આ સર્ટિફિકેટ મળતા વધારાનું ઈન્સેન્ટિવ મળશે, જે બાળકોની સારવારમાં વધારો કરશે. આગામી સમયમાં કેન્દ્ર કક્ષાએ પણ આપણને સર્ટિફિકેટ મળે તે માટે પ્રયત્ન કરવામાં આવશે તેમ ડો. કેતન પીપળીયા જણાવે છે.

# મરીન પ્રોડકટ્સ એકસ્પોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના વાઈસ ચેરમેન તરીકે વેરાવળના ફીશ ઉદ્યોગપતિ જગદીશ ફોફંડીની નિમણુંક કરાઈ

## શહેરની સંસ્થાઓ અને ખારવા માછીમાર સમાજ દ્વારા નિમણુંકને આવકારવામાં આવી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૪

વેરાવળ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ફિશ એક્ષપોર્ટર જગદીશભાઈ ફોફંડીની ભારત સરકારની રાષ્ટ્રીય સંસ્થા મરીન પ્રોડકટ્સ એક્ષપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના વાઈસ ચેરમેન તરીકે નિયુક્તિ કરવામાં આવતા ઠેર-ઠેરથી આવકારવામાં આવી રહેલ છે. વેરાવળના સમસ્ત ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશનના મોભી તથા ફિશ એક્ષપોર્ટર તેમજ સી ફૂડ એકસપોર્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ અને વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જગદીશભાઈ વેલજીભાઈ ફોફંડીની ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્થાપિત એકમ (મરીન પ્રોડકટ્સ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી)ના વાઈસ ચેરમેન તરીકે નિયુક્તિ કરવામાં આવતા ફિશ ઉદ્યોગપતિઓ, એક્ષપોર્ટરો, ખારવા સમાજ સહીત દરેક સમાજના આગેવાનો તેમજ રાજકીય અને બિનરાજકીય લોકો દ્વારા આવકારવામાં આવી રહેલ છે. ફીશ એક્ષપોર્ટ કરી દેશને સૌથી વધુ વિદેશી હુંડીયામણ મેળવી આપતા વેરાવળ જી.આઈ.ડી.સી. વિસ્તારના એક્ષપોર્ટર જગદીશભાઈ ફોફંડી ની મરીન પ્રોડકટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીના વાઈસ ચેરમેન પદે નિયુકતી કરાયેલ છે.

# જીટીયુની એમસીએની પરીક્ષામાં વેરાવળની સોનેચા કોલેજના છાત્રોએ ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યુ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૪

વેરાવળ એજયુકેશન સોસાયટી સંચાલિત એન.જે.સોનેચા મેનેજમેન્ટ એન્ડ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ ચાંડુવાવની વિદ્યાર્થીની પરમાર પરિતા સુધિરભાઈ એ માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન સેમે-૧ માં ૧૦.૦૦ માંથી ૯.૬૪ (સી.પી.આઈ.) સાથે જી.ટી.યુ. માં ચોથું સ્થાન મેળવી જવલંત સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી મહિનામાં લેવાયેલ માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન સેમે-૧ની પરીક્ષાનું પરીણામ આવેલ છે. જેમાં વેરાવળ એજયુકેશન સોસાયટી સંચાલિત એન.જે.સોનેચા મેનેજમેન્ટ એન્ડ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ ચાંડુવાવની વિદ્યાર્થીની પરમાર પરિતા સુધિરભાઈએ ૧૦.૦૦માંથી ૯.૬૪ (સી.પી.આઈ.) સાથે જી.ટી.યુ.માં ચોથું સ્થાન મેળવી જવલંત સિધ્ધિ પ્રાપ્ત કરેલ છે. પરમાર પરિતા સુધિરભાઈએ સમગ્ર ગુજરાતમાં બનતા મેરીટમાં ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરી વેરાવળ તથા એજયુકેશન સોસાયટી સંચાલિત સંકુલોને ગૌરવભર્યુ સન્માન અપાવેલ છે. આ કોલેજમાંથી કુલ ૫ વિદ્યાર્થીઓએ એમ.સી.એ. સેમે-૧ની પરીક્ષામાં ૧૦.૦૦માંથી ૯.૦૦ કરતા વધારે એસ.પી.આઈ. મેળવેલ છે જેમાં પરમાર પરિતા સુધિરભાઈ, ફોફંડી જાનકી રિતેશભાઈ, ગાધે હિરેન અશોકભાઈ, સોલંકી સાક્ષી દિલિપભાઈ, સોનૈયા વર્ષા ભરતભાઈનો સમાવેશ થાય છે. આ ઝળહળતી સિધ્ધિ મેળવવા બદલ એજ્યુકેશન સોસાયટીના સંચાલક મંડળે વિદ્યાર્થીઓને આવકારેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચૂંટણીની તૈયારી વચ્ચે વિપક્ષી એકતાની વાતો અને હકીકત

નીતિશ કુમાર વિપક્ષી એક્તાની વકીલાત કરવા માટે ગયા અઠવાડિયે દિલ્હી આવ્યા અને શરૂઆતી સફળતાઓ બાદ પટના પરત ફર્યા. તેમની સાથે મુલાકાત બાદ રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું, 'સાથે ઊભા છીએ, સાથે લડીશું - ભારત માટે.' કાલ સુધી કોંગ્રેસના વિરોધમાં ઊભા રહેનારા અરવિંદ કેજરીવાલનું નિવેદન કંઈક એવું જ હતું, 'આ સમયે દેશ મુશ્કેલ દોરમાંથી પસાર થઈ રહ્યો છે. નીતિશ કુમારે જે પહેલ કરી છે, તેની સાથે અમે છીએ.' શું વિપક્ષનો કાફલો આગળ વધી રહ્યો છે? જો એક્તા થાય છે, તો તેનું સ્વરૂપ શું હશે? વિપક્ષી મહાગઠબંધનોનાં પરિણામો હંમેશા સુખદ પરિણામ નથી આપતાં. એવામાં, શું આ વખતે રાજ્યોમાં અલગ પ્રકારના તાલમેલ જોવા મળશે? આ અંતર્વિરોધો સાથે સંયુક્ત લક્ષ્યની પ્રાપ્તિ કેવી રીતે સંભવ થશે? યાદ કરો, પહેલાં પણ નીતિશ કુમાર આવી જ ઈચ્છા સાથે કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વને મળવા દિલ્હી આવ્યા હતા. એ સમયે તેમણે એટલી નિરાશાનો સામનો કરવો પડ્યો હતો કે તેઓ મહાગઠબંધન સાથે છેડો ફાડીને ભાજપના પક્ષમાં ચાલ્યા ગયા હતા. તેઓ આ વખતે આવ્યા તો પ્રશ્ન ઊઠ્યો કે શું આ વખતે હાલત બદલાઈ ગઈ છે? પહેલું પરિવર્તન તો બિહારમાં જ થયું છે. તે ભાજપ છોડીને ફરીથી આરજેડી સાથે જઈ ઊભા છે, પરંતુ શું કોંગ્રેસનું વલણ બદલાયું છે? એવું લાગે છે કે હાલતે બંને પક્ષને પહેલાં કરતાં વધુ નરમ થવા પર મજબૂર કર્યા છે. કોંગ્રેસ જૂની જીદ છોડી રહી છે તો ભાજપથી અલગ થયા બાદ નીતિશ કુમાર પોતાની ઘાયલ છબિ સુધારવાનો મોકો શોધી રહ્યા છે.

નીતિશના પ્રશંસક તેમને 'રાષ્ટ્રીય રોલ' માટે યોગ્ય માનતાં તર્ક આપે છે કે તેઓ કેન્દ્રમાં મંત્રી રહ્યા છે. છેલ્લા લગભગ ૧૮ વર્ષથી બિહારના સક્ષમ મુખ્યમંત્રી છે, પરંતુ વંશવાદ અને ભ્રષ્ટાચારના કોઈ દાગ તેમના પર ક્યારેય નથી લાગ્યા. તેમની છબિ અને સ્વીકાર્યતા એક્તાની રાહ સુગમ કરી શકે છે. રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલના સમાન સૂર તેનું પહેલું ઉદાહરણ છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં પાછલી યાત્રા દરમ્યાન તેમણે રાહુલ ગાંધી ઉપરાંત કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી સાથે મુલાકાત કરી હતી. શું તેઓ કુમારસ્વામીના જનતા દળ(એસ) અને કોંગ્રેસને કર્ણાટકમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહમતિ તરફ લઈ જઈ શકશે? બધા જાણે છે કે કર્ણાટકમાં ચૂંટણી ચાલી રહી છે અને ત્યાંનાં પરિણામો વિપક્ષી એક્તાઅભિયાનની પ્રારંભિક પરીક્ષા સાબિત થશે.

દેશના કુલ ૧૪ રાજ્યોમાં આ સમયે વિપક્ષની સરકારો છે. તેમાં બંગાળ પણ સામેલ છે. એક અન્ય મોટા પ્રદેશ મહારાષ્ટ્રમાં થોડા મહિના પહેલાં મહાવિકાસ અઘાડીની સરકાર હતી. જિસ કે તલમેં લડ્ડુ ઉસ કે તલ મેં હમ કરનારા શરદ પવાર પણ એક્તાની વાત કરી રહ્યા છે, પરંતુ મમતા બેનર્જીએ એવી કોઈ પહેલમાં સામેલ થવાના સંકેત હજુ સુધી નથી આપ્યા. ગત દિવસોમાં ગોવા, મેઘાલય અને ત્રિપુરામાં પોતાના ઉમેદવાર ઊભા કરીને તે કોંગ્રેસનો રસ્તો રોકવાની કોશિશ કરી ચૂકી છે. મમતા કદાચ એમ ઈચ્છે છે કે કોંગ્રેસ-ડાબેરી બંગાળમાં એમ જ કમજોર થઈ રહ્યા છે અને આગામી ચૂંટણીમાં તેમની પાર્ટી માત્ર ભાજપ સામે લડે, જેથી મતોના ધ્રુવીકરણનો લાભ હંમેશની જેમ તેમને મળે.

અહીં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની ચર્ચા જરૂરી છે. તે હજુ સુધી 'એકલા ચાલો'નો રાગ આલાપી રહ્યા છે. શું નીતિશ અને તેજસ્વી તેમને સમજાવી શકશે? એક્તાના પક્ષધરો માને છે કે અખિલેશ યાદવ અને મમતા બેનર્જી માટે લોકસભા ચૂંટણીઓ દરમ્યાન મુસ્લિમ મતોને જોડી રાખવા પડકાર રહેશે, કારણ કે રાષ્ટ્રીય સ્તર પર રાહુલની 'ભારત જોડો યાત્રા' બાદ અલ્પસંખ્યકોનું મન કોંગ્રેસ પ્રતિ બદલાયું છે. એવામાં,આજે નહીં તો કાલે તેમણે વિપક્ષી કોરસનો હિસ્સો બનવું જ પડશે. જો ઉત્તર પ્રદેશમાં અખિલેશ સાથે આવે છે, તો માયાવતી શું કરશે?

આ જ રીતે ત્રણ અન્ય મુખ્યમંત્રીઓ નવીન પટનાયક, જગન મોહન રેડ્ડી અને કે.ચંદ્રશેખર રાવ પ્રત્યે સંશય યથાવત છે. આ ત્રણેય મહારથીઓની નીતિ રહી છે કે કેન્દ્રમાં જે પણ હોય, તેનાથી દૂરી રાખીને ચાલો, જેથી તમામ બલાઓથી દૂર રહી શકાય. તેલંગણામાં ભાજપના વિસ્તારથી ખફા રાવ હાલમાં દિલ્હી સરકાર પર પ્રહાર કરી રહ્યા છે, પરંતુ તેઓ કોંગ્રેસના પણ તરફદાર નથી. આ ત્રણ રાજ્યો કુલ મળીને ૬૩ સીટોનું યોગદાન સૌથી મોટી પંચાયતમાં કરે છે.

અહીં મોટા નેતાઓના વ્યક્તિગત અહંકારનો પ્રશ્ન પણ ઊઠે છે. નીતિશ કુમાર અને શરદ પવાર આ સમયે સમાન ભાષા બોલતા દેખાઈ રહ્યા છે. કાલે જો મમતા બેનર્જી આ ક્લબમાં સામેલ થઈ ગયાં, તો તેમાંથી કોણ વડાપ્રધાનપદના ઉમેદવાર હશે? યુપીએનું સંયોજક કોણ બનશે? આ મોરચાની રચનાની શરૂઆતથી જ સોનિયા ગાંધી તેનાં સંયોજક છે. તેઓ સ્વાસ્થ્ય કારણોસર પદ છોડવા તૈયાર છે. કહેવાય છે કે રાહુલ ગાંધી ખુદને વડાપ્રધાન પદની દાવેદારીથી દૂર રાખવા માંગે છે. નહેરુ-ગાંધી પરિવારના આ 'ત્યાગ' છતાં આ ત્રણેમાં ત્યાગભાવના ક્યારે અને કેટલી જાગશે? નક્કી છે કે આગળનો રસ્તો મુશ્કેલ છે, પરંતુ નીતિશ કુમારે પગલાં આગળ વધાર્યાં છે તો તેમના મગજમાં કોઈ રણનીતિ અવશ્ય હશે. એવું ન હોત તો તેઓ અત્યારતી જ તેજસ્વી યાદવને ૨૦૨૫ વિધાનસભા ચૂંટણીઓનો ચહેરો જાહેર ન કરતા.

હવે એનડીએની વાત કરીએ. હાલમાં એનડીએમાં કોઈ મોટા પક્ષ નથી રહ્યા, તેથી આપણે ભાજપ પર જ ધ્યાન કેન્દ્રિત કરીએ. કહેવાની જરૂર નથી કે ભારતીય રાજનીતિના ઈતિહાસમાં મોદી અને શાહની આગેવાનીવાળી આ પાર્ટીએ નવા ચૂંટણી કીર્તિમાન રચ્યા છે. આ લોકો વિપક્ષોની ચાલ પહેલેથી જ ઓળખીને પોતાનો દાવ ચાલવામાં માહેર છે. ભરોસો ન થતો હોય તો ગત દિવસોમાં તેલંગણામાં આપવામાં આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનને યાદ કરો. તેમણે કહ્યું હતું - 'ભ્રષ્ટ પાર્ટીઓ કોર્ટમાં ગઈ, જેથી તેમના ભ્રષ્ટાચારની કિતાબ ખુલી ન જાય, પરંતુ ત્યાં તેમને ઝાટકો લાગ્યો.' હાલની સરકાર પર કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગનો આરોપ લાગતો રહે છે, તેથી ભાજપી નેતાઓ કહી રહ્યા છે કે સીબીઆઈ અને ઈડીથી ડરીને ભ્રષ્ટ પાર્ટીઓ એક થઈ રહી છે. મતલબ સ્પષ્ટ છે. ભગવા પાર્ટી વિપક્ષી ટોળી ભેગી થયા પહેલાં ભ્રષ્ટાચારીઓનો જમાવડો સાબિત કરવા માંગે છે. રાહુલ ગાંધી રહી રહીને સરકાર પર ચીનથી દબાઈ જવાના આરોપ લગાવે છે. આ તહોમતોના પરિપ્રેક્ષ્યમાં જો તમે ગત દિવસોમાં ગૃહમંત્રી અમિત શાહના અરુણાચલના સીમાવર્તી વિસ્તારમાં કિબિથુના પ્રવાસને યાદ કરો, તો ઘણું બધું સ્પષ્ટ થઈ જશે. શાહ ચીનના વાંધાને ફગાવતાં ત્યાં ગયા અને આખી રાત વિતાવી. મતદારોને સંદેશ આપવાની આ પણ એક રીત છે.

ખરેખર, વિપક્ષી એક્તાના તરફદારોને મોદીના વ્યક્તિત્વ અને ભાજપના ચૂંટણી મશીનનો તોડ કાઢવા માટે કારગત મુદ્દા શોધવા પડશે. એક વિચાર એ પણ છે કે પાછલી સામાન્ય ચૂંટણીમાં ભાજપને માત્ર ૩૭.૭ ટકા મત મળ્યા હતા. એવામાં, બિનભાજપી દળોની એક્તા માત્રથી જીત મળી જશે? એવા લોકોએ કેમ ભૂલી જાય છે કે ચૂંટણી માત્ર અંકગણિતથી નહીં, મતદારો અને નેતા વચ્ચે પેદા થયેલા ભરોસાના રસાયણથી પણ જીતી શકાય છે.

### અમદાવાદ કેન્સર હોસ્પિટલનો કડક નિર્ણય

# સિવિલ કેન્સર હોસ્પિટલમાં એક હજારથી વધુ કર્મચારીઓ મોબાઈલ નહીં વાપરી શકે

## હાઉસકીપિંગ અને સર્વન્ટ સહિતના વર્ગ-૪ના કર્મચારી સતત મોબાઈલ ઉપર વળગેલા રહેતા હોવાથી હોસ્પિટલના ડાયરેક્ટરે આખરે કડક આદેશ જારી કરવા પડ્યા

અમદાવાદ, તા.૨૪

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી આવેલી ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ)ના વર્ગ ચારના તમામ કર્મચારીના મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલમાં કામના સમય દરમિયાન હાઉસકીપિંગ અને સર્વન્ટ મોબાઈલ ફોન ઉપયોગ કરી નહીં શકે તેવો મહત્વપૂર્ણ નિર્ણય ડાયરેક્ટર શશાંક પંડ્યાએ લીધો છે. કર્મચારી મોબાઈલ ફોનમાં સતત એક્ટિવ હોવાના કારણે તે પોતાનાં કામ પર ધ્યાન આપી શકતા નથી. જેના કારણે દર્દીને હેરાનગતિ ઊભી થાય છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં કેન્સર હોસ્પિટલ આવેલી છે. જેમાં રાજદીપ એન્ટરપ્રાઈઝ નામની કંપનીને આઉટ સોર્સિંગનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. હોસ્પિટલમાં પીઆરઓથી લઈને હાઉસકીપિંગના એક હજારથી વધુ કર્મચારી રાજદીપ એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાં નોકરી કરે છે. દર્દીને તમામ પ્રકારની સુવિધા તેમજ તેમનું ધ્યાન રાખવાની જવાબદારી રાજદીપ એન્ટરપ્રાઈઝના કર્મચારીની હોય છે. કેન્સર હોસ્પિટલમાં વર્ગ ચારના કર્મચારી પોતાનું કામ સરખી રીતે ન કરતા હોવાના અનેક આરોપ ઊઠ્યા છે. હોસ્પિટલમાં નોકરીના સમય દરમિયાન હાઉસકીપિંગના કર્મચારી તેમજ સર્વન્ટ સતત મોબાઈલ ફોન ઉપર વ્યસ્ત રહેતા હોય છે. જેના કારણે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્સર હોસ્પિટલમાં રાજદીપ એન્ટરપ્રાઈઝ કંપનીના નેજા હેઠળ કામ કરતા અંદાજે એક હજારથી વધુ કર્મચારીના મોબાઈલ ફોનના ઉપયોગ પર રોક લગાવી દેવાઈ છે. ડાયરેક્ટરે શશાંક પંડ્યાએ આ આદેશ માત્ર વર્ગ ચારના કર્મચારી માટે જ આપ્યો છે.

કેન્સર હોસ્પિટલમાં જ્યારે કર્મચારી નોકરી પર આવે ત્યારે તેમને પોતાનો ફોન સ્વિચ ઓફ કરી દેવાનો રહેશે અથવા તો તેમના ઘરે કે મિત્ર વર્તુળમાં મોબાઈલ આપી દેવાનો રહેશે. જો કોઈ કર્મચારી ચોરી છૂપીથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરતો પણ ઝડપાઈ જશે તો તેની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. હોસ્પિટલમાં અલગ અલગ શિફ્ટમાં કર્મચારી નોકરી પર આવતા હોય છે. જેમાં કેટલાક કર્મચારી પોતાનું કામ સરખી રીતે કરતા નથી. જેના કારણે દર્દીને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. મોબાઈલ પર વાત કરતાં કરતાં કામ કરવાની રાજાશાહીઃ હોસ્પિટલને ક્લીન રાખવાની જવાબદારી પણ રાજદીપ એન્ટરપ્રાઈઝના કર્મચારીઓના શિરે હોય છે. જ્યારે હોસ્પિટલમાં કચરા પોતાં થતાં હોય ત્યારે પણ કર્મચારી મોબાઈલ ફોનમાં વ્યસ્ત હોય છે. મોબાઈલ ફોનના ઉપયોગથી કર્મચારી પોતાનું કામ સરખી રીતે કરતા નથી. જેના કારણે મોબાઈલ ઉપર પ્રતિબંધ મૂકી દેવાયો છે.

સિવિલ કેમ્પસમાં કેન્સર હોસ્પિટલ સિવાય યુએન મહેતા હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, ૧૨૦૦ બેડ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ સહિતની હોસ્પિટલ આવેલી છે. જેમાં મોટાભાગમાં રાજદીપ એન્ટરપ્રાઈઝનો આઉટ સોર્સિંગનો કોન્ટ્રાક્ટ ચાલે છે. તમામ હોસ્પિટલમાં અંદાજે પાંચ હજારથી વધુ કર્મચારી કામ કરે છે. જે પોતાની ફરજ દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. જ્યારે પણ સિવિલ કેમ્પસની કોઈ પણ હોસ્પિટલમાં જાઓ ત્યારે કર્મચારી મોબાઈલ ફોનનો ઉપયોગ બેફામ કરે છે. મોબાઈલ ફોનના ઉપયોગ પર રોક લગાવવાની જવાબદારી રાજદીપ એન્ટરપ્રાઈઝના માલિકની હોય છે પરંતુ તે મૂક પ્રેક્ષક બનીને જોતા હોય છે. આ સિવાય વર્ગ ચારના કર્મચારીના ઉપરી સુપરવાઈઝર પણ હોય છે તે પણ મોબાઈલ ઉપયોગ મામલે રોક લગાવી શકતા નથી.

દર્દીને એક વોર્ડથી બીજા વોર્ડમાં લઈ જવા માટે અથવા તો રિપોર્ટ કે પછી કોઈ પણ મેડિકલ ટ્રીટમેન્ટ કરાવવા માટે સ્ટ્રેચર તમામ હોસ્પિટલમાં હોય છે. સગાં વહાલાં દર્દીને એક જગ્યાથી બીજી જગ્યા પર સ્ટ્રેચરમાં લઈ જતા હોય છે જેના કારણે દર્દીને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. દર્દીને સ્ટ્રેચર પર લઈ જવાનું કામ કર્મચારીનું હોય છે પરંતુ તે તેમનું કામ સરખી રીતે ન કરતાં સગાં વહાલાંને તે કામ કરવું પડે છે. સગાં વહાલાં સ્ટ્રેચરમાં દર્દીને લઈ જતા હોય છે ત્યારે કર્મચારી બિનધાસ્ત મોબાઈલ ફોન પર વાત કરતા હોય છે.

### ગત વર્ષની સરખામણીમાં ટુ વ્હિલર્સના વેચાણમાં પણ ૧૫ ટકાનો વધારો

# અખાત્રીજે ફોર વ્હિલર્સ-ટુવ્હિલર્સનું ધૂમ વેચાણ થયું

## અખાત્રીજના દિવસે કાર ખરીદવા માટે લોકોએ બે મહિના પહેલા બુકિંગ કરાવ્યું હોવાનું સામે આવ્યું છે

અમદાવાદ, તા.૨૪

અખાત્રીજ એટલે વણજોયું મુહૂર્ત એવું કહેવાય છે. એટલે કે અખાત્રીજના દિવસે બધા જ શુભકાર્ય થાય છે. ત્યારે ઓટોમોબાઈલ સેક્ટરને પણ આ અખાત્રીજ ફળી છે. આજના દિવસે સામાન્ય દિવસો કરતાં ફોર વ્હીલર્સના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે અને આ દિવસે કાર ખરીદવા માટે લોકોએ બે મહિના પહેલા બુકિંગ કરાવ્યું હોવાનું સામે આવ્યું છે. તો ગત વર્ષની સરખામણીમાં ટુ વ્હિલર્સના વેચાણમાં પણ ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. વૈશાખ સુદ ત્રીજનો દિવસ એટલે અખાત્રીજ. તેને અક્ષયતૃતિયા પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે અખાત્રીજના શુભ દિવસે લોકો સોનુ, ઘર તેમજ વાહન ખરીદતા હોય છે અને તે જોતા અખાત્રીજ ઓટોમોબાઈલ સેક્ટરને ફળી હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓટોમોબાઈલ સેક્ટરમાં ફોર વ્હિલર્સ અને ટુ વ્હિલર્સના વેચાણમાં ઉછાળો જોવા મળ્યો છે.

આ અંગે ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ એસોસિએશનના ગુજરાતના પૂર્વચેરમેન પ્રણવ શાહ જણાવે છે કે, 'ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે અખાત્રીજમાં ટુ વ્હીલર્સના વેચાણમાં ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. એટલે કે ૨૫૦૦થી ૩ હજાર જેટલા ટુ વ્હિલર્સનું વેચાણ થયું છે. જ્યારે ફોરવ્હિલર્સની ખરીદીમાં પણ ૨૦ ટકાનો વધારો ગત વર્ષની અખાત્રીજની સરખામણીમાં જોવા મળ્યો છે. એટલે કે કાર ૧૨૦૦થી ૧૫૦૦ જેટલી વેચાણ થયું છે.'

કોન્સેપ્ટ હુન્ડાઈના જનરલ મેનેજર નચીકેત બારોટ જણાવે છે કે, 'આ વખતે બે બીજ છે તેના કારણે કારની ખરીદીનો માહોલ બે દિવસ જોવા મળ્યો છે. આખા અમદાવાદમાં એક દિવસમાં ૪૦૦થી વધુ કારનું બુકિંગ થયું છે અને આ માહોલ બે દિવસ રહેશે. ઓવર ઓલ જોઈએ તો સામાન્ય દિવસો કરતાં ફોર વ્હીલર્સમાં ૨૫થી ૩૦ ટકા ખરીદીનો ટ્રેન્ડ જોવા મળયો છે. ગ્રાહકોએ અખાત્રીજના દિવસે કાર ખરીદવા માટે બે મહિના પહેલા બુકિંગ કરાવ્યું હોય તેવું પણ જોવા મળ્યું છે. તેમાંય હાલ એસયુવી સેગમેન્ટમાં લોકોની ખરીદી વધુ જોવા મળી છે.' ડીઝલ કાર મુદ્દે તેઓનું કહેવું છે કે, 'ડિઝલ કાર માટે આજેય ૨૫૦નું વેઈટિંગ ચાલી રહ્યું છે.' તો કાર ખરીદી રહેલા વિજયભાઈએ જણાવ્યુ હતુ કે, 'અખાત્રીજનું મૂહુર્ત સારામાં સારું કહેવાય છે. અમે ૧૫થી ૨૦ દિવસ પહેલા કાર માટે બુકિંગ કરાવ્યું હતું અને આજે અમને કારની ડિલિવરી મળી છે એટલે ખુશી છે.'

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્ય નિત્ય જેવા પ્રયત્નો કરે, જેવા વિચાર કરે, જેવું આચરણ કરે, તેવો તે થઈ જાય છે.

- યોગવશિષ્ઠ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૪, તા.૨૪ એપ્રિલ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૩, મૃગશીર્ષ નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૧૪

આજનો દિવસ સવારે ૮:૨૪ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), બપોરે ૧:૧૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ગુજરાત એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં નંબર વન બન્યું

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવા દૈનિક આકસ્મિક ઘટનાઓમાં દર્દીઓને મદદ પુરી પાડી રહી છે ત્યારે આકસ્મિક ઘટના કે જેમાં દર્દીને ઈમરજન્સી સમયે એક જગ્યાથી દૂરની હોસ્પિટલમાં કે પછી અન્ય રાજયની હોસ્પિટલમાં સારવાર આપવાની જરૂર પડે એવામાં એર એમ્બ્યુલન્સની સેવા પૂરી પાડવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવા મામલે ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

એર એમ્બ્યુલન્સની સેવાની વાત કરીએ તો છેલ્લા એક વર્ષમાં ૨૪ દર્દીઓને મદદ પુરી પાડવામાં આવી છે. અંગદાનના કિસ્સાઓમાં બ્રેઈનડેડ દર્દીમાંથી અન્ય દર્દી કે જેને અંગની જરૂર હોય એવા કિસ્સાઓમાં જે અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે તેવા સમયે એ ઓર્ગનને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં ગ્રીન કોરિડોર તૈયાર કરાતો હોય છે.

પરંતુ જ્યારે એવું બને કે કોઈ બ્રેઈનડેડ દર્દી ગુજરાતનો છે અને અંગની જરુરિયાત ધરાવતો દર્દી બેંગ્લોર, કોલકાતા, મુંબઈ, દિલ્હી કે ચેન્નઈ જેવા અન્ય રાજયમાં છે. તેવા સમયે અંગ લઈ જવા માટે એર એમ્બ્યુલન્સ ખુબ ઉપયોગી નીવડે છે.

કેટલાક કિસ્સાઓમાં આકસ્મિક ઘટના બને અને દર્દીને ગોલ્ડન અવરમાં જે ટ્રિટમેન્ટ મળવી જોઈએ તેના માટે પણ એર એમ્બ્યુલન્સ આશિર્વાદ સમાન બની જાય છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૨૪-૦૪-૨૦૨૩ થી ૩૦-૦૪-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિકતાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નાવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.

## રજુઆતોનું 'સ્વાગત' સાથે નિરાકરણ, હતાશા અને નિરાશાને બાય બાય...

# ગ્રામજનોના પ્રશ્નોનો ઉકેલ આપતો અનોખો કાર્યક્રમ : 'સ્વાગત'

નાગરિકોના પ્રશ્નો અને ફરિયાદોને ખુલ્લા મને સાંભળીને તેનો સંવેદનશીલતા સાથે નિકાલ લાવવાનો અનોખો કાર્યક્રમ એટલે મુખ્યમંત્રીશ્રીનો ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ... જેને 'સ્વાગત' **(State Wide Attention On Grievances By Application Of Technology)**ઓનલાઈન કાર્યક્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાર્યક્રમમાં રાજ્યના નાગરિકોને સીધી રીતે અસર કરતાં પ્રશ્નોનો ઓનલાઈન ટેક્નોલોજીના માધ્યમથી મુખ્યમંત્રીશ્રીની સીધી દેખરેખ નીચે સુખદ નિરાકરણ લાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં તેના નામ પ્રમાણે જ દરેક 'સ્વાગત' કરવામાં આવે છે, એટલે કે પ્રજાને પીડતા પ્રાણપ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવામાં આવે છે. સાચું શાસન એ છે કે, જે પ્રજાના પ્રશ્નોને સમજે અને તેનો સંવેદનશીલતાથી નિકાલ આવે. જે પર પીડાને સમજી શકે તે સાચું શાસન છે તેની પ્રતીતિ રાજ્યના નાગરિકોને છેલ્લા બે દાયકામાં 'સ્વાગત' કાર્યક્રમ થકી થઈ રહી છે. આ કાર્યક્રમ દ્વારા રાજ્યના નાગરિકોના અનેક પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવી લોકાની અપેક્ષાઓની પૂર્તિ કરવામાં આવી છે. આ કાર્યક્રમની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૨૪ એપ્રિલ, ૨૦૦૩ ના રોજ કરી હતી અને વર્તમાનમાં સરળ અને છતાં મક્કમ એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ યજ્ઞ અવિરત ૨૦ વર્ષથી ચાલી રહ્યો છે. આ બે દાયકામાં આ કાર્યક્રમથી તા. ૧૦-૦૩-૨૦૨૩ સુધી ૫.૬૬ લાખ અરજીઓનું ૯૯.૫૨ ટકાના દરે નિકાલ કરીને તેનું સફળ નિરાકરણ લાવવામાં આવ્યું છે. જે પૈકી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે ૩૬,૮૪૮ અરજીઓ મળી છે. આ કાર્યક્રમ એ માત્ર ફરિયાદ રજૂ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ લોકો તેમની વ્યાજબી રજૂઆતો સીધી રીતે ટેક્નોલોજીના માધ્યમથી રજૂ કરી શકે અને સરકાર પક્ષે પણ ત્વરિતતા દાખવી મારાપણાના ભાવથી તેનો નિકાલ કરવામાં આવે તેની કાળજી લેવામાં આવે છે, એ દ્રષ્ટીએ આ કાર્યક્રમ દ્વિપક્ષીય સંવાદનો કાર્યક્રમ છે. ફરિયાદ નહીં પરંતુ ઉકેલનો તથા લોકો અને સરકાર વચ્ચે પરીણામલક્ષીતાનો આ કાર્યક્રમ છે. 'સ્વાગત' કાર્યક્રમ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તર એક ચાર સ્તરમાં ચલાવવામાં આવે છે. જેમાં લોકશાહીના નાનામાં નાના એકમ એવા ગ્રમીણ સ્તરથી માંડીને શહેર સુધીના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ એક જ મંચ પરથી લાવવામાં આવે છે. એક સમય હતો કે લોકોને તેમના પ્રશ્નોને લઈને વિવિધ કચેરીઓ અને ત્યાંથી જો નિકાલ ન આવે તો છેક ગાંધીનગર સુધી ધક્કા ખાવા પડતાં હતાં, પરંતુ ટેકનોલોજીનો સહયોગથી તેનું સરળીકરણ કરી શકાયું છે અને લોકો પોતાના ઘરેથી આંગળીના ટેરવે તેમની રજૂઆતો, પ્રશ્નો અને સમસ્યાઓ રજૂ કરી તેનું સમાધાન મેળવી શકે છે.

રાષ્ટ્રપિતા અને મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, સાચું ભારત ગામડાઓમાં વસે છે. આ વાત સાચી છે કારણ કે, ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ભારતની મોટાભાગની વસતી ગ્રામ્ય સ્તરે નિવાસ કરે છે. જેમ-જેમ વિકાસ થતો જાય છે તેમ વિકાસ સાથે તેને લગતા પ્રશ્નો પણ ઉદભવે તે સ્વાભાવિક છે. આ સિવાય દેશ આઝાદ થયા બાદ આપણે જે લોકશાળીનું માળખું સ્વીકાર કર્યું છે તેમાં ગામને પ્રાથમિક એકમ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. જેના કારણે ગ્રામ્યસ્તરે પંચાયત અસ્તિત્વમાં આવતાં તેને લગતાં પ્રશ્નો પણ વિકાસ સાથે ઉદભવ્યા છે. ગ્રામ્ય અને પંચાયત સ્તરે રેશન કાર્ડ, આધાર કાર્ડમાં નોંધણી અને તેમા સુધારો, વિધવા અને નિરાધાર પેન્શન, જમીનના હક્કમાં નામ નોંધણી તથા તેમાં સુધારો, વીજળી કનેક્શન, જમીનની માપણી, ઘરથાળના પ્લોટ, જમીનની વારસાઈ, પીવાનું પાણી, સિંચાઈ, સફાઈ, ઢોરવાડો, ગોચર, તળાવમાં દબાણ અને સ્વચ્છતાના નાના મોટા પ્રશ્નો ઉભા થતા હોય છે. જેનું સરળતાથી નિરાકરણ આ 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ દ્વારા લાવવામાં આવે છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અભ્યાસોમાં અને લોકતંત્રને સુદ્રઢ બનાવનારા આ નવતર અને સફળ આયામની પ્રશંસા થતી રહી છે. ગુજરાતના વહીવટી સુશાસન અને પ્રો-એક્ટિવ ગવનર્નન્સના ક્ષેત્રે પારદર્શિતા અને જવાબદેહીતાના આ સફળ પ્રયોગે દેશના વહીવટદારોનું પણ ખાસ ધ્યાન આકર્ષિત કર્યું છે. તેની સફળતાને ધ્યાને રાખીને વર્ષ: ૨૦૦૩ થી શરૂ થયેલ આ કાર્યક્રમને યુનાઈટેડ નેશન્સનો પબ્લિક સર્વિસ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલો છે. છેલ્લા બે દાયકામાં આ કાર્યક્રમને વ્યાપક જનસમર્થન પ્રાપ્ત થયું છે. વર્ષ: ૨૦૦૮ થી સ્વાગત ઓનલાઈનને જિલ્લા મથક અને સચિવાલય સુધી સીમિત ન રાખતાં તાલુકા એકમ સુધી તેનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. જેથી કરીને સમાજના તમામ વર્ગો અને વિસ્તારોનો તેમાં સમાવેશ કરી શકાય.

આ કાર્યક્રમથી અનેક લોકોના પ્રશ્નો અને સમસ્યાઓનું સ્થળ પર જ સમાધાન થયું છે. રાજ્ય સરકાર જ્યારે આવા ઉપક્રમ દ્વારા છેવાડાના માનવીની ચિંતા કરતી હોય તે જ સાચી લોકશાહીની પારાશીશી છે. લોકોનો સંતોષ એ જ રાજ્ય સરકારનો મુદ્રાલેખ હોય ત્યા સમસ્યાઓ માટે કોઈ સ્થાન રહેતું નથી. ખરા રામરાજ્યની કલ્પના આવા પ્રજાલક્ષી અભિગમથી સાકાર થતી હોય છે. રામરાજ્યમાં રાજા પ્રજા વચ્ચે જઈને તેમની સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરતા હતાં. હવે, રાજ્યસરકાર કેમેરાની નજરથી ઓનલાઈન રીતે પ્રત્યક્ષ રીતે સમસ્યાઓનું સમાધાન લાવે છે. વળી, આ સમાધાન માટે સ્વયં મુખ્યમંત્રીશ્રી માંડીને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે છે. આવા નિરાકરણને કારણે ભવિષ્યમાં પણ આ સમસ્યાઓ ઉદભવવાનો અવકાશ ઘટી જાય છે. ઉપરાંત, સૌને અનુકૂળ એવા નિષ્કર્ષ પર પહોંચી શકાય છે.

'સ્વાગત' કાર્યક્રમ દ્વારા ખરેખર લાભ મળ્યો હોય તેવા કિસ્સાઓની વાત કરીએ. જૂનાગઢ જીલ્લાના ભેંસાણ તાલુકાના ખંભાલીયા ગામના પોપટભાઈ રાણાભાઈ ભૂવાની વાત છે. પોપટભાઈના ખેતરમાં ખંભાલીયાથી માંડવા નવા રોડ પ્લાનમાં નહીં હોવા છતાં પાછળથી સીમેન્ટના પાઈપ મૂકીને તેમના ખેતરમાં કુદરતી પાણીના વહેણ બદલી કૃત્રિમ રીતે પાણી ઉતારતા ખેતરનું ધોવાણ થતા કપાસનો પાક ધોવાઈ ગયો હતો. આ બાબતે મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી જરૂરી કાર્યવાહી હાથ ધરી ૧૫ દિવસમાં તેમના પ્રશ્નનો નિકાલ લાવવામાં આવ્યો હતો.

આવો જ એક બીજો કિસ્સો મહિસાગર જિલ્લાનો છે જેમાં ઉમારીયા, તા. કડાણાના પ્રભુભાઈ માવાભાઈ પટેલનો હતો. જેમાં ઉમારીયા દૂધ ડેરીથી તેમના ઘર સુધી જવા માટેના રસ્તામાં થયેલ દબાણ દૂર કરવા જિલ્લા સ્વાગત અને તાલુકા સ્વાગતમાંથી હુકમ થયો હોવા છતાં પંચાયત દ્વારા કામગીરી થઈ ન હતી. આ બાબતે અરજદારની ફરિયાદ 'સ્વાગત' માં રજૂ થતાં ડી.એલ.આઈ.આર.ના પરામર્શમાં રહીને માપણી કરાવી ૨૦ દિવસમાં આ કારગીરી નિયમાનૂસાર પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીશ્રી એ સૂચના આપી હતી અને આ રીતે આ પ્રશ્નનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો. આવી જ રીતે અમરેલીના ધારી તાલુકાના નાગધા ગામના ખેડૂત શ્રી ભનુભાઈ ઝીણાભાઈ કોટડિયાની સ્વતંત્ર માલિકીની ખેતીવાળી જમીનમાં જવાનો રસ્તો ખુલ્લો કરી આપવામાં આવ્યો હતો.

કચ્છ જિલ્લાના ચિત્રોડ (તા. રાપર) નો ધનજીભાઈ બેચરાભાઈ રાવળીયાએ રજૂઆત કરી હતી કે, લાકડીયા બનાસકાંઠા ટ્રાન્સકો લિમિટેડ વીજલાઈન પસાર કરી તેનું વળતર તેમને ચૂકવવાની કંપની ના પાડે છે. જ્યારે કે, પાવરગ્રીડ કોર્પોરેશન ડ્રોનથી વાયર પસાર કરે છે તો પણ ખેડૂતને ઉભા પાકનું વળતર ચૂકવે છે. આ બાબતે મુખ્યમંત્રીશ્રી દ્વારા સંબંધિત કંપનીના અધિકારીઓને સૂચના આપી મળવાપાત્ર રકમ જમા કરાવવાં માટે સૂચના આપીને

ખેડૂતને વળતર અપાવ્યું હતું. આ તો માત્ર કેટલાક ઉદાહરણ છે. આવા તો અનેક પ્રકારના પ્રશ્નો, રજૂઆતો અને સમસ્યાઓ 'સ્વાગત' કાર્યક્રમમાં રજૂ કરવામાં આવે છે. આ તમામ પ્રશ્નો અસરગ્રસ્ત અને અસરકર્તા તમામ લોકોને એક જ પ્લેટફોર્મ પર રાખીને સુખદ સમાધાન લાવવામાં આ કાર્યક્રમ પરિણામલક્ષી પુરવાર થયો છે. લોકોને પારદર્શક વહીવટની સાચા અર્થમાં પ્રતીતિ થઈ છે. તેના અમલ કરનારૂ સમગ્ર વહિવટી તંત્ર પણ પ્રશ્નો ઉકેલવા માટે પ્રોએક્ટિવ એપ્રોચ દાખવતુ બન્યું છે. તંત્રમાં ગતિશીલતા આવી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં શરૂ કરવામાં આવેલા 'સ્વાગત'નું લાખો ગુજરાતીઓએ દીલથી સ્વાગત કર્યું છે એ જ એની સફળતાનો માપદંડ છે. આગામી સમયમાં પણ અનેક લોકોના ઘરમાં આશાનો ઉજાસ પાથરવા માટે સ્વાગત નિમિત્ત બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

-સુનિલ પટેલ

## સોમનાથ-સૌરાષ્ટ્ર તામિલ સંગમ મહોત્સવમાં સૈકાઓ જુની પ્રાચીન તાંજુવરમ કલા પ્રદર્શન ઉપર સૌ કોઈ આફરીન



(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૨૪

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ સાંનિધ્યે ચાલી રહેલ સૌરાષ્ટ્ર-તામિલ સંગમ કાર્યક્રમમાં પ્રદર્શન વિભાગમાં તાંજુવર કલાનો સ્ટોલ લોકોને આફરીન અને લાજવાબ સાથે દર્શનીય રહયો છે. વર્ષ ૧૯૭૭માં સરાબોજી દ્વારા સૌ પ્રથમ મરાઠા શાસનમાં રાજવીઓનાં કહેવાથી તામિલનાડુનાં સ્થાનિક કલાકારો દ્વારા આ કલા ઉપર કામ શરૂ કરાયું હતું. આ કલા ખુબ જ પૌરાણીક હોવાને કારણે તેને ભૌગલિક વારસા નીચે ૧૯૯૯માં સુરક્ષીત કરાઈ છે. આ આર્ટમાં તાંબુ, પિત્તળ, ચાંદી ઉપર કોતરણી કરી ચિત્રો નકશીકામ ઉપસાવવામાં આવે છે. બે રાજયોનાં સાંસ્કૃતિક વારસાઓ સોમનાથ-દ્વારકાનાં આંગણે સંગમ થતાં કલા કસબી ટી.કે. કેવલ કહે છે અત્યાર સુધી માત્ર દેવી-દેવતાઓનાં ચિત્રોને જ ઉપસાવવામાં આવતા હતાં પરંતુ હવે આગામી દિવસોમાં સોમનાથ-દ્વારકા જેવા ધાર્મિક સ્થાનોને પણ તાંજુવર પ્લેટ આર્ટમાં સમાવવાની અભિલાષા છે. આમ સોમનાથને આંગણે સદીઓ પ્રાચીન, હાથ કસબ અને આસ્થા સાથે નમુનેદાર નકશીકામ કલા લોક આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

## ચૂંટણી પંચે VVPATમાં ખામી હોવાના આરોપો નકાર્યા, કહ્યું ફક્ત ૩.૪ લાખ મશીનોને સારસંભાળની જરૂર છે

નવી દિલ્હી તા.૨૪

ભારતીય ચૂંટણી પંચ **(ECI)**એ જણાવ્યું છે કે ૩.૪ લાખ વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ **(VVPAT)** મશીનોને "પ્રિવેન્ટિવ મેઈન્ટેનન્સ"ની જ જરૂર છે. જોકે ચૂંટણીપંચે વીવીપીએટીમાં ખામી હોવાના અહેવાલોને નકારી કાઢ્યા હતા. જોકે એક મીડિયાએ ૧૮ એપ્રિલે **ECI**ના દસ્તાવેજોને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે ૬.૫ લાખ **VVPAT** મશીનો 'ખામીયુક્ત' છે. **ECI** દસ્તાવેજો મુજબ આ નવા **M3** જનરેશનના મશીનો છે જેમાંથી ૩૭% "ખામીયુક્ત" હતા. ખામીઓને સુધારવા માટે આ મશીનોને મેન્યુફેક્ચરરને પાછા મોકલવાની જરૂર છે. જોકે કેટલીક જગ્યાએ ખામીયુક્ત મશીનો રિપેર કરવા માટે હટાવીને તેની જગ્યાએ નવા મશીનો મૂકવામાં આવ્યા હોવાની પણ માહિતી મળી છે. એક રાજ્યમાં **ECI**ના અધિકારીઓ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ વચ્ચે એક પત્રની આપલે કરવામાં આવી હતી. આ પત્ર ધ વાયર ને મળ્યો હતો. જેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે આ નવા મશીનો છે. જોકે, ફર્સ્ટ લેવલ ચેકિંગ (એફએલસી) અથવા મશીનોના કમિશનિંગ સાથે સંકળાયેલા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ કહે છે, "કોઈપણ ખામી ત્યારે શોધી કાઢવામાં આવે છે જ્યારે મશીનને પ્રથમ વખત એફએલસી માટે લાવવામાં આવે અથવા ઉમેદવારની જાહેરાત કરવામાં આવી હોય અને તે સમયે મશીન કમિશન્ડ હોય. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન, જો કોઈ મશીનમાં ખામી જણાય તો તે આપોઆપ નકામું થઈ જાય છે.

## કોડીનારના ગ્રામ્ય વિસ્તારમાં રેશનીંગના ઘઉં અને ચોખા ખરીદી કરતા રીક્ષા ચાલક ફેરિયાનો વિડીયો વાયરલ

### ગ્રામ્ય વિસ્તારના યુવાનોએ જાગૃતતા દાખવી બંને રીક્ષા ચાલકને પકડી પોલીસને હવાલે કર્યા





(મુનાફ અલ્તાફ)

કોડીનાર તા.૨૪

કોડીનાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રેશનિંગના ઘઉં અને ચોખા લોકો પાસેથી રીક્ષા લઈ ફેરિયા ખરીદતા હોય અને આ ફેરિયા ઓ ને સ્થાનિકો રોકી પૂછપરછ કરતા હોય તેવો વિડિઓ થયો વાઈરલ. સરકારી સસ્તા અનાજ (રેશનિંગ) ની દુકાનેથી મળતા ઘઉં અને ચોખા કે જે એન.એફ.એસ.એ. તેમજ બીપીએલ કાર્ડ ધરાવનારા લોકોને સરકાર વિનામૂલ્યે અને રાહતદરે આપે છે તે ઘઉં અને ચોખા લોકો લઈ આવા ફેરિયાઓને વેચી દે છે. ફેરિયાઓને મોટા કાળા બજારીયા દાડી આપીને તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માંથી રાશનના ઘઉં ચોખાના ઉઘરાણા કરાવી માર્કેટ યાર્ડમાં લઈ જઈ બજારમાં ઉંચા ભાવે વેચી મારી તગડી કાળી કમાણી કરી રહ્યા છે. ત્યારે આવો જ એક વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હોય આ વાયરલ વીડિયોની તપાસ કરતા આ વિડીયો કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામનો હોય કે જ્યાં આ ફેરીયાઓ દ્વારા સસ્તા અનાજના ઘઉં અને ચોખાની ખરીદી થતી હોય જે બાબતે ગામના કેટલાક જાગૃત યુવાનોએ આવા તત્વોને અટકાવી અને પૂછપરછ કરતા પણ ફેરિયાઓ દ્વારા સંતોષકારક જવાબ ન આપતા આ બંને ફેરિયાઓને પોલીસને સોંપ્યા અને પોલીસે પુરવઠા વિભાગની સોંપ્યા હોવાનું સામે આવ્યું છે જે અંગે પુરવઠા વિભાગ ને પૂછતાં વિગતો મળી હતી કે ગીરદેવળી ગામેથી અજાણ્યા શખ્સો મારફત વાજબી ભાવની દુકાનેથી રાહત દરે મળતું રાશન લોકો પાસેથી ખરીદી કરતા હોવાની ટેલિફોનીક ફરિયાદ મળેલ, જે અન્વયે નાયબ મામલતદાર પુરવઠા દ્વારા ગીરદેવળી ગામે તપાસ કામે પહોંચ્યા તે સમયે બંને રિક્ષાને ઘાંટવડ બીટ પોલિસ સ્ટેશન ખાતે કબ્જામાં લીધેલ હતી. ત્યાર બાદ પોલીસ સ્ટેશન કોડીનાર ખાતે તેમને લાવતા મામલતદાર કોડીનાર દ્વારા કબુલાત લઈ સિઝર હુકમ કરી? રીક્ષા ડ્રાઈવર તોફીક જાવીદભાઈ પરમાર રહે.સીંગસર રીક્ષા નંબર-જ્ન-૧૧-રૂ-૩૬૧૬ ચોખા ૫૦-૫૦ કિલોના બાચકા નંગ-૨, ચોખા ૨૫કિલોના બાચકુ નંગ-૧, તથા ૫૦ કિલો ઘઉંનું બાચકુ નંગ-૧, તેમજ ૫ કિલો ઘઉંનું બાચકુ નંગ-૧ સાથે તેમજ રીક્ષા ડ્રાઈવર ઈમ્તીયાજ હુસેન મહમદહુસેન અલવિ રહે.સીંગસર રીક્ષા નંબર-**GJ**-૧૧-**Z**-૫૭૫૬ ચોખા ૫૦-૫૦ કિલોના બાચકા નંગ-૩, ઘઉના ૫૦-૫૦ કિલોના બાચકા નંગ-૨ તથા ૨૫-૨૫ કિલો બાચકા નંગ-૨ તથા ૪૦ કિલોનું બાચકુ નંગ-૧, વજન કાંટો-૧ બધો મુદ્દામાલ કબજે લઈ ગોડાઉન મેનેજર (ગુ.રા.ના.પુ.નિ.લીમીટેડ) કોડીનારને કબ્જો સોંપી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

આ વિડીયો અંગે જ્યારે તપાસ કરતા સુત્રોમાંથી ચોકાવનારા અહેવાલો સામે આવ્યા છે કે કોડીનાર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે સસ્તા અનાજનું વિતરણ દુકાનો દ્વારા કરવામાં આવે ત્યારે આ ફેરિયાઓ રીક્ષા લઈ ખરીદવા પોહચી જાય છે અને તાલુકા ના ગામડાઓમાં ૩૦ થી વધું આવી રીક્ષા ઓ તંત્ર ની મીઠી નજર હેઠળ અનાજ નો કાળો કારોબાર ચલાવે છે તો જ આ બંને રીક્ષા ચાલક શું કામ સસ્તા અનાજની ખરીદી કરતા હતા?. કોના માટે કરતા હતા? ખરીદી કરીને આગળ શું કરવાના હતા? તે દિશામાં તપાસ કરવાને બદલે પોલીસે જવાબદારી ખંખેરી રિક્ષાઓ પુરવઠાને સોંપી અને પુરવઠા વિભાગે સંતોષ માની કેસ જથ્થો સીઝ કર્યો હતો જો આ બંને રીક્ષા ચાલકોને પોલીસ તંત્રએ કડકાઈથી પૂછ્યું હોત તો આખા કાળાકારોબારનો પર્દાફાશ થઈ શક્યો હોત અત્રે ઉલ્લેખનીય છે કે જે કોઈપણ લોકો જો પોતાના રાશનકાર્ડ ઉપર સરકારી અનાજ મફતમાં અથવા રાહત દરે મેળવી અને આમ બારોબાર વેચી નાખતા હોય તો તંત્રએ તેની ગુપ્ત તપાસ કરી આવા લોકોનું અનાજ તાત્કાલિક બંધ કરી રાશન કાર્ડ રદ કરી નાખવા જોઈએ તેવું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## ૨૪ એપ્રિલ -પંચાયતી રાજ દિવસ

૧૯૯૨માં જે દિવસે ૭૩મો બંધારણીય સુધારો પસાર કરવામાં આવ્યો હતો તે દિવસની યાદમાં વાર્ષિક ઉજવણી કરવામાં આવે છે. આ કાયદો ૨૪ એપ્રિલ, ૧૯૯૩ના રોજ અમલમાં આવ્યો હતો. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે વર્ષ ૨૪ એપ્રિલના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ જાહેર કર્યો હતો. ૨૦૧૦૨૪ એપ્રિલ ૧૯૯૩ના રોજ, પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવા માટે ભારતમાં ૧૯૯૨નો બંધારણીય (૭૩મો સુધારો) અધિનિયમ અમલમાં આવ્યો. ૧૯૫૭ માં, બળવંત રાય મહેતા સમિતિએ ગ્રામ્ય સ્તરે ત્રણ સ્તરની પંચાયતો ગ્રામ પંચાયત, બ્લોક સ્તરે પંચાયત સમિતિ અને ત્યારબાદ જિલ્લા પરિષદની ભલામણ કરી. સમિતિએ આ સંદર્ભે અનેક સૂચનો પણ કર્યા હતા પંચાયતી રાજની રચનામાં ગ્રામ પંચાયત એ સૌથી નીચું એકમ છે. તે પંચાયત સિસ્ટમ ગ્રામ્ય સ્તર (ગ્રામ પંચાયત), ગામડાઓના ક્લસ્ટરો (બ્લોક પંચાયત) અને જિલ્લા સ્તર (જિલ્લા પંચાયત)ને આવરી લે છે. પંચાયતી રાજ ગ્રામ્ય સ્તરે સરકારનું એક સ્વરૂપ છે જ્યાં દરેક ગામ તેની પોતાની પ્રવૃત્તિઓ માટે જવાબદાર છે. સમિતિની સ્થાપના થઈ ત્યારે બળવંત રાય મહેતા સંસદસભ્ય હતા. તેમને ભારતમાં પંચાયતી રાજની વિભાવનાની પહેલ કરવા અને ભારતમાં પંચાયતી રાજના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

બંધારણની કલમ ૪૦ જે રાજયની નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાંના એકને સમાવિષ્ટ કરે છે તે દર્શાવે છે કે રાજ્ય ગ્રામ પંચાયતોનું આયોજન કરવા માટે પગલાં લેશે અને તેમને સ્વ-સરકારના એકમો તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવવા માટે જરૂરી હોય તેવી સત્તાઓ અને સત્તાઓ પ્રદાન કરશે. પંચાયતી રાજ પ્રણાલીનું ધ્યેય સામાજિક ન્યાય સાથે સર્વસમાવેશક વિકાસ અને સેવાઓની કાર્યક્ષમ ડિલિવરી સુનિશ્ચિત કરવા જવાબદાર પંચાયતી રાજ સંસ્થાઓને સશક્તિકરણ, સક્ષમ અને સ્થાપિત કરવાનું છે. પંચાયતી રાજ મંત્રાલય દર વર્ષે ૨૪મી એપ્રિલને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ **(NPRD)** તરીકે ઉજવે છે. આ પ્રસંગ સમગ્ર દેશના પંચાયત પ્રતિનિધિઓ સાથે સીધો સંવાદ કરવાની તક પૂરી પાડે છે તેમજ તેમને વધુ સશક્ત બનાવવા અને પ્રોત્સાહિત કરવા તેમની સિદ્ધિઓને ઓળખવાની તક પૂરી પાડે છે. ભારતનું બંધારણ પંચાયતોને 'સ્વ-સરકારની સંસ્થાઓ' તરીકે માન્યતા આપે છે. ભારતમાં ત્રણેય સ્તરોમાં ૨.૬ લાખથી વધુ પંચાયતો છે.

આ પંચાયતો ગ્રામ, બ્લોક અને જિલ્લા સ્તરે ગ્રાસ-રૂટ વહીવટી એકમોના સામાજિક-આર્થિક વિકાસ તરફ કામ કરે છે દેશમાં પંચાયતી રાજના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૧૯૫૭માં એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ બળવંતરાય મહેતા હતા. સમિતિએ તેના અહેવાલમાં વિકેન્દ્રિત ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાની ભલામણ કરી છે - ગ્રામ્ય સ્તરે ગ્રામ પંચાયત, બ્લોક સ્તરે પંચાયત સમિતિ અને જિલ્લા સ્તરે જિલ્લા પરિષદ. પંચાયતી રાજ સંસ્થાઓ **(PRIs)** ગુજરાતમાં એપ્રિલ ૧૯૬૩ થી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ અસ્તિત્વમાં આવી હતી. ૭૩મો બંધારણીય સુધારો અધિનિયમ, ૧૯૯૨ ની જોગવાઈઓને સમાવિષ્ટ કરવા માટે એપ્રિલ ૧૯૯૩ માં તેમાં સુધારો કરવામાં આવ્યો હતો.

-ડો.જી.આર.ગોહિલ

## કેન્દ્રએ આધાર પ્રમાણિત કરવા નવા નિયમોનો પ્રસ્તાવ મૂક્યો



નવી દિલ્હી, તા.૨૪

આધારને લોકો માટે સરળ બનાવવા અને નાગરિકો માટે જીવનની સરળતા અને સેવાઓની વધુ સારી પહોંચને સક્ષમ બનાવવાની તેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલયે સરકારી મંત્રાલયો અને વિભાગો સિવાયની સંસ્થાઓ દ્વારા આધાર પ્રમાણીકરણને સક્ષમ કરવા માટે નિયમોનો પ્રસ્તાવ મૂક્યો છે. આધાર (નાણાકીય અને અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષિત ડિલિવરી) અધિનિયમ, ૨૦૧૬માં ઘડવામાં આવેલા સુધારા દ્વારા; જો યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (યુઆઈડીએઆઈ) નિયમો દ્વારા નિર્દિષ્ટ ગોપનીયતા અને સુરક્ષાના ધોરણોના અનુપાલનથી સંતુષ્ટ હોય અને કાયદા દ્વારા પ્રમાણીકરણ સેવાઓ પ્રદાન કરવાની મંજૂરી હોય અથવા નિર્ધારિત હેતુ માટે પ્રમાણીકરણ માંગે તો સંસ્થાઓને પ્રમાણીકરણ કરવાની મંજૂરી ૨૦૧૯મા આપવામાં આવી હતી. હાલમાં સરકારી મંત્રાલયો અને વિભાગોને ગુડ ગવર્નન્સ (સામાજિક કલ્યાણ, નવીનતા, જ્ઞાન) નિયમો, ૨૦૨૦ હેઠળ આધાર પ્રમાણીકરણ હાથ ધરવા માટે મંજૂરી આપવામાં આવી છે જેમાં સુશાસન, જાહેર ભંડોળના લીકેજને અટકાવવા અને નવીનતાના પ્રસારને સક્ષમ બનાવવા માટે જ્ઞાનનો સમાવેશ થાય છે. હવે એવી દરખાસ્ત કરવામાં આવી છે કે સરકારી મંત્રાલય અથવા વિભાગ સિવાયની કોઈપણ એન્ટિટી કે જે જીવનની સરળતાને પ્રોત્સાહન આપવા અને સેવાઓની વધુ સારી એક્સેસને સક્ષમ કરવા, સુશાસન સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા, સામાજિક કલ્યાણના વિસર્જનને અટકાવવાના હેતુસર આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરવા માંગે છે. લાભો અથવા નવીનતા અને જ્ઞાનના પ્રસારને સક્ષમ કરવા માટે, તે ઉક્ત હેતુઓ પૈકીના એક હેતુ માટે અને રાજયના હિતમાં માંગવામાં આવેલ પ્રમાણીકરણ કેવી રીતે છે તે અંગેનું સમર્થન આપતી દરખાસ્ત તૈયાર કરશે અને તેને કેન્દ્રના સંબંધિત મંત્રાલય અથવા વિભાગને સબમિટ કરશે. જો મંત્રાલય/વિભાગનો અભિપ્રાય છે કે સબમિટ કરાયેલ દરખાસ્ત આવા હેતુને પરિપૂર્ણ કરે છે અને રાજયના હિતમાં છે, તો તે દરખાસ્તને તેની ભલામણ સાથે એમઈઆઈટીવાયને મોકલશે. પ્રસ્તાવિત સુધારો મંત્રાલયની વેબસાઈટ ઉપર પોસ્ટ કરવામાં આવશે અને હિતધારકો અને સામાન્ય જનતા પાસેથી ટિપ્પણીઓ આમંત્રિત કરવામાં આવી રહી છે. ફીડબેક માયજીઓવી પ્લેટફોર્મ દ્વારા ૫ મે સુધીમાં સબમિટ કરી શકાય છે.

## સેલ્ફી લેવાના ચક્કરમાં પોતાનો જીવ ગુમાવ્યો

કેદારનાથ, તા.૨૪ : ઉત્તરાખંડના કેદારનાથમાં એક એવી ઘટના સામે આવી છે, જેની પાછળનું કારણ બેદરકારી માનવામાં આવી રહ્યું છે. સેલ્ફી લેવાના ચક્કરમાં એક મોટા અધિકારીને પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. ઉત્તરાંખડ સિવિલ એવિએશન ડેવલપમેન્ટ ઓથોરિટી **(UCADA)**ના ફાઈનાન્શિયલ કન્ટ્રોલર જિતેન્દ્રકુમાર સૈનીનું મોત થઈ ગયું.

# ભારત દેશ વિશ્વનું અક્ષયપાત્ર બને એવી અભ્યર્થના વ્યક્ત કરતા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની

વેરાવળ, તા.૨૪

સૌરાષ્ટ્ર તમિલ સંગમમ કાર્યક્રમ અંતર્ગત આજે પથિકા મેદાન, સોમનાથ ખાતે સૌરાષ્ટ્રિયન તમિલ ભગિનીઓ સાથે કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી સ્મૃતિ ઈરાનીએ પરિસંવાદ કર્યો હતો.

અક્ષય તૃતીયાના પાવન અવસરે મા લક્ષ્મીના આશીર્વાદ દેશના બધા જ પરિવારો પર રહે એવી પ્રાર્થના સાથે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે કે તમિલનાડુની ૩૦૦થી વધારે લક્ષ્મીઓ આજે ગુજરાતની પાવન ધરા પર પધારી છે. હજાર વર્ષ પહેલા વિદેશી આક્રમણના કારણે સૌરાષ્ટ્રના લોકોએ આ ભૂમિ છોડવી પડી હતી પરંતુ આજે ૧૦૦૦ વર્ષ પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આમંત્રણ સાથે આ ધરા પર પાછા ફર્યા છીએ. વતનની ભૂમિ સાથે આ પવિત્ર મિલન થઈ રહ્યું છે. અક્ષયપાત્ર દેશની સંસ્કૃતિ અને સભ્યતાનો એક હિસ્સો રહ્યું છે, એ જ રીતે દેશ સમગ્ર વિશ્વ માટે અક્ષયપાત્ર બને એવી તેમણે સોમનાથ દાદાને પ્રાર્થના કરી હતી.

કોરોના મહામારીમાં સરકારે લીધેલા પગલાઓની વાત કરતા મંત્રી ઉમેર્યું હતું કે, દેશનો એક પણ નાગરિક ભૂખ્યો ન સુવે તેની તકેદારી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લીધી હતી. છેલ્લા ત્રણ વર્ષથી દેશના ૮૦ કરોડથી વધારે લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. આવું વિશ્વમાં બીજે ક્યાંય બન્યું નથી, જે સરકારની પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ તકે, ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી સુશ્રી ભાનુબેન બાબરીયાએ સદીઓ પછી પુરાતન સંસ્કૃતિના આદાન પ્રદાનની પરિકલ્પનાનો આ સંગમ દ્વારા સાક્ષાત્કાર થયો છે તેમ જણાવ્યું હતું. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ આસ્થાનું પ્રતીક છે. વારંવાર સોમનાથ મહાદેવ ઉપર આક્રમણ થયા, પોતાના ધર્મને બચાવવા અહીંથી હિજરત થઈ અને આજે અહીં ફરી મેળાપ થઈ રહ્યો છે, તે સાંપ્રદાયિક સદભાવનાનું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાર્થક કરવા તમિલનાડુ અને સૌરાષ્ટ્રના કળા, વ્યંજન, કારીગરી, કૃષિ, સાહિત્ય સહિતની બાબતોના સંગમ દ્વારા વિવિધતામાં એકતાને મજબૂત બનાવવાનો યજ્ઞ આદર્યો છે. મંત્રીશ્રીએ દેશના સર્વાંગી વિકાસમાં સર્વેનું યોગદાન રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

આ તકે મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ રસપૂર્વક સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. ત્યારબાદ સોમનાથ પથિકા પરિસર ખાતે આવેલ હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શનમાં વિવિધ સ્ટોલની મુલાકાત લઈ કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રો. અમી ઉપાધ્યાયે સર્વેનું સ્વાગત કરી મંત્રીનો પરિચય આપ્યો હતો. આ તકે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ગિરીશ ભીમાણી, સંસ્કૃત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર લલિત પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.







## મંત્રી જી.કિશન રેડ્ડી અને મુળુભાઈ બેરાએ સોમનાથ ખાતે હસ્તકલા પ્રદર્શનની મુલાકાત લીધી



વેરાવળ, તા.૨૪

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અન્વયે આયોજિત હસ્તકલા પ્રદર્શનની સાંસ્કૃતિક અને પ્રવાસન કેન્દ્રીયમંત્રી જી.કિશન રેડ્ડી અને પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પર્યાવરણ રાજ્યમંત્રી મૂળુભાઈ બેરાએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન મંત્રી મૂળુભાઈ બેરાએ મંત્રી જી.કિશન રેડ્ડીને પ્રદર્શન વિશે માહિતગાર કર્યા હતા. ગુજરાત અને તમિલની હસ્તકલાને દર્શાવતા વિવિધ હસ્તકલાના પ્રદર્શનોની મંત્રી અને મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મંત્રીઓ સાથે સોમનાથ વેરાવળ જિલ્લા પંચાયત પ્રમુખ રામીબેન વાજા અને જિલ્લા પદાધિકારી/અધિકારીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પરંપરાગત દોરા વર્કની કળા સાથે એપ્લિકેશન દ્વારા સંગીતનો મેળાપ કરાવતા સાલેમના એસ. કવિયા





વેરાવળ, તા.૨૪

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ ગુજરાત અને તમિલનાડુની સંસ્કૃતિઓ, કળા અને પરંપરાગત વારસાના નિદર્શન અને આદાન પ્રદાનનું સંગમ બન્યું છે. તમિલનાડુના સાલેમથી સોમનાથ હેન્ડીક્રાફ્ટ એકસ્પોમાં પધારેલા એસ. કવિયા અને તેમની માતા પારંપરિક દોરા વર્કની કળા અને પેઈન્ટિંગ સાથે જ સ્પોટીફાય એપ્લિકેશનના સંગીતને જોડીને પરંપરાગત કળા સાથે આધુનિકતાના સંગમ થકી નવીન કૃતિઓ રજૂ કરી રહ્યા છે, જે મુલાકાતિઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. એસ.કવિયા જણાવે છે કે, અમે પરંપરાગત દોરા વર્ક દ્વારા કેનવાસ પર પેઈન્ટિંગ અને હેન્ડવર્ક દ્વારા ભગવાન અને અન્ય પ્રકારની સુશોભિત કૃતિઓ બનાવીએ છીએ તેમજ ખાસ કસ્ટમાઈઝ પ્રોડક્ટ જેમ કે પારિવારિક ફોટો, કપલ ફોટો ફ્રેમ પણ આ સાથે બનાવીએ છીએ. આ પરંપરાગત કળા સાથે અમે આધુનિકતાનો ઉમેરો કર્યો છે. કસ્ટમાઈઝ ફ્રેમમાં ખાસ સ્પોટીફાઈ સંગીત માટેની એપ્લિકેશનના સ્કેનર કોડ ઉમેરવામાં આવે છે. જેને એપ્લિકેશનના સર્ચ ઓપ્શનમાં જઈ સ્કેન કરતા જ ગીત પ્લે થઈ જાય છે અને ફ્રેમ ભેટ મેળવનારને ખાસ સંદેશ મળે છે. આમ, પરંપરાગત કળા સાથે ટેક્નોલોજીનો સંગમ અહીં જોવા મળ્યો છે. તામિલનાડુના સાલેમથી ગુજરાતના સોમનાથમાં કળા પ્રદર્શિત કરી રહેલા એસ.કવિયા સૌરાષ્ટ્ર તમિલ સંગમના માધ્યમને કળાના આદાન પ્રદાનનું સંગમ સ્થળ જણાવે છે.


## શેઠ બ્રધર્સનું નવું એડવાન્સ કાયમ ચૂર્ણ હવે ગ્રેન્યુલ્સ ફોર્મમાં ઉપલબ્ધ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૪

કબજીયાત માટે છેલ્લા ૫૦ વર્ષથી દેશ-વિદેશમાં સૌથી લોકપ્રિય અને જાણીતી બ્રાન્ડ 'કાયમ ચૂર્ણ'ના ઉત્પાદક ભાવનગર વાળા શેઠ બ્રધર્સ હવે નવી ફોર્મ્યુલા સાથે કાયમ ચૂર્ણ એડવાન્સ બજારમાં પ્રસ્તુત કર્યું છે. કાયમ ચૂર્ણ એડવાન્સ ગ્રેન્યુલ્સ ફોર્મમાં છે જેથી ગળામાં ચોટતું નથી. વળી તેનો જીરા ફ્લેવર્સનો સ્વાદ પણ ટેસ્ટી છે. નવી ફોર્મ્યુલા સાથે તે વધુ અસરકારક બન્યું છે. એરંડા તેલ તથા ગુલાબપત્તીના ગુણોને કારણે ચુંક આવ્યા વગર પેટને સરળતાથી સાફ કરે છે. નવા એડવાન્સ કાયમ ચૂર્ણની ફોર્મ્યુલા નિર્દોષ આયુર્વેદિક છે જેથી તેની કોઈ આડઅસર નથી તેમજ આદત પણ પડતી નથી.





## માંગરોળ : દેહદાનનો સંકલ્પ કરાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૪

આરેણાના રામદેવજી મહારાજ ગતગંગાના કોટવાર એવા રામભાઈ ધાનાભાઈ બારડ દ્વારા તા.૨૨/૪/૨૩ને વૈશાખ સુદ બિજના દિવસે પોતાના દેહદાનનો સંકલ્પ આરેણા લક્ષ્મી નારાયણ મંદિરમાં મહંત સુભાષબાપુના હસ્તે શિવમ્ ચક્ષુદાન - આરેણાના સંચાલકોને અર્પણ કર્યું છે. મેડિકલ કોલેજમાં દેહદાન આવશ્યક હોય છે અને આ હેતુંસર રામભાઈ દ્વારા દેહદાનનો સંકલ્પ કર્યો છે. રામભાઈ ખેતિ સાથે જોડાયેલા છે અને પોતે ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ પુર્ણ કરેલ છે.



## દ્વારકામાં ૭મી મેના ક્રાંતિવીર મુળુભા માણેકની ૧૫૫મી પૂણ્યતિથિ ધામધૂમથી ઉજવવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા. ૨૪: સમગ્ર ઓખા મંડળનાં ક્ષત્રિય વાઘેર સમાજનું ગૌરવ ગણાતા ક્રાંતિવીર મુળુભા માણેકની ૧૫૫ની પૂણ્યતિથિ વિશેષ રીતે ઉજવાશે. મુળુભાની પૂણ્ય તિથિ નિમિતે સમસ્ત વાઘેર સમાજ દ્વારા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત મુળુભા માણેકની વિશાળ પ્રતિભા સનાતન સેવા મંડળની સામે શહેરનાં મુખ્ય હાઈવે રોડ ઉપર 'સ્ટેચ્યુ ઓફ મુળુભા' તરીકે સ્થાપિત કરવામાં આવશે. ક્રાંતિવીર મુળુભા માણેકની પંચધાતુથી તૈયાર કરાયેલ ૧૪ ફુટ ઉંચી ૧૦ ફુટ લાંબી અને આશરે ૧૫૦૦ કિલો વજનની વિશાળ પ્રતિમા દ્વારકા નગરીમાં આવી પહોંચી હતી. ઓખા મંડળનાં ગામેગામ પ્રતિમાની શોભાયાત્રા નીકળનાર છે. ગામોગામ પ્રતિમાની શોભાયાત્રામાં નકકી કરેલ ગામોમાં રાત્રી રોકાણ દરમ્યાન કાર્યક્રમો પણ રાખવામાં આવનાર છે.



# પહેલું સુખ તે જાતે નર્યા-આયુર્વેદ : માનવ જીવનમાં ખાદ્ય રસોઈમાં લસણની અસરકારક બોલબાલા

વિશ્વભરમાં લસણના છોડ, દવા, ઉપયોગ, ગુણવત્તા અને પ્રાચીનતાને યાદ કરી માનવ જીવનમાં ખાદ્ય વપરાશમાં નિત્યનું સ્થાન મેળવનાર લસણ અદ્ભૂત, કુદરતી માનવ ઉપકારક અગત્યનું ઔષધ બની ગયું છે. લસણએ જીવનનો મસાલો, રસોડાનો 'રોક માસ્તર', બહુમુખી ઐતિહાસિક આરોગ્ય વર્ધક, અનિવાર્ય અકસીર રોગ પ્રતિકાર કરનાર આયુષ્ય વર્ધક બન્યું છે. અનેક સંશોધનોના તારણો બતાવે છે. લસણ અતિ ઉપયોગી, કેટલીક જગ્યાએ ખરાબ દુષ્પ્રવૃત્તિઓ નાશક અને 'વૈમ્પાર ,વેરવુલ્ઝ અને રક્ષકો નાશક જડીબુટ્ટી ગણાવાઈ છે. પાંચ હજાર વર્ષ પુર્વે ઈજિપ્ત, ગ્રીસ, રોમ, ભારત, ગ્રીક, વિદેશી -મંદિર, ચર્ચ, ધર્મ ગ્રંથો, ઔષધ તરીકે 'ગાર્લિક,' લસણને એની દુર્ગંધ અસહ્ય હોવા છતાંયે સ્વીકાર્યું હોવાના અસંખ્ય ઉદાહરણ ઠેર ઠેર મળે છે-દા.ત. પિરામિડો,ભારતની ચરક સંહિતા, ગ્રંથ, હીલિંગ શક્તિ માટે વિશ્વાસુ છોડ , ઈજિપ્ત માંથી લસણ સિંધુ સંસ્કૃતિ-પાકિસ્તાન પછી પશ્ચિમ ભારત સુધી વિસ્તરિત કહેવાયું છે. સંશોધન એમ જણાવે છે ૫ હજાર વર્ષ પહેલા ભારતમાં આ છોડ હતો. ગમે તેમ હોય પણ સૈનિકો માટે શક્તિ વધારવા વપરાયેલા લસણની વિવિધતા એ વિશ્વના ઘર, ઘરઅને મેડિકલ ઉપચારમાં અનેક રોગો નિવારણ દવા તરીકે સ્થાન મેળવ્યું છે. અમેરિકામાં અતિ લોકપ્રિય બન્યું છે. જોકે ભારતના ધર્મગ્રંથો તેને તામસી વૃત્તિ ઉત્પન્ન કરતું ગણાવી તેને રોજિંદા ખોરાકમાં સ્થાન આપેલ નથી. પ્રાચીન આયુર્વેદ ગ્રંથો- ચરક સંહિતા વગેરે તેને આવકારે છે. વિશ્વમાં માનવ સ્વાસ્થ્ય માટે લસણ મહત્વનું ગણાવ્યું છે. તેથી વિશ્વ સ્તરે તા.૧૯ એપ્રિલના દિવસને 'ગાર્લિક ડે' તરીકે સ્થાન અપાયું છે. ભારતમાં આયુર્વેદમાં અનેક જડીબુટ્ટી, આસવ, ચાટણ વગેરેમાં અનેક છોડની ઉપયોગીતા નોંધી છે. તેમાં અમુક રોગો માટે સમજદારી પૂર્વકના વપરાશ આરોગ્ય વર્ધક ગણાવાય છે. હિન્દુ ધર્મગ્રંથોમાં તામસી તત્વ હોવાથી તેનો ઉપયોગ નિષેધ જણાવ્યો ત્યારે બાઈબલ,કુરાનમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. લેખકો, રસોઈયા, વૈદ્ય, ડોક્ટરો, વેપારીઓ બધાએ લસણની બોલબાલા વધારી છે. રસ્કિન બોન્ડ લેખક બીજા અથાણાં જેવા કે લીંબુ, કેરી, જેકફૂટ સાથે લસણના અથાણાંને મહત્વ આપી પોતાના ગમતીલા અથાણામાં લસણનું અથાણું ગણાવે છે. દરિયાપાર દેશોમાં ભારતીય વ્યાપારોમાં અન્ય વસ્તુ, ખાદ્ય પદાર્થો, મસાલાના સાથે લસણનો વ્યાપાર થતો હતો. ૩૦૦૦ની આસપાસ ઈ.સ.પૂર્વે પહોંચેલા ભારતીય વેપારીઓએ બેબીલોન સામ્રાજ્યમાં લસણનો વેપાર કરેલો તેમ ઈતિહાસ નોંધે છે. આશ્ચર્યની વાત એ છે કે ૧૩૨૫(બી.સી.)માં રાજા તુતન ખામેનની સમાધિમાં લસણની કળી ઓ મૂકાયેલી તેવી નોંધ મળી છે. ૧૬૬૦માં શીતળા રોગમાટે લસણ અકસીર ઈલાજ બન્યો હતો. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધમાં મરડાના રોગ ફેલાતા રોગનાશક શક્તિ ધરાવતા લસણનો ઉપયોગ થયો હતો. ઈજિપ્તના લોકો લસણને દેવ તરીકે ગણતા હતા. તેઓ માનતા કે લસણનો ખાદ્ય વપરાશ દ્રષ્ટ નજરો, અપ્સરાઓની સેક્સી દ્રષ્ટિમાંથી મુક્તિ અપાવે છે. ડુંગળી જાતિનો આ છોડ ઈજિપ્તમાં લાવી તેની વ્યાપક ખેતી તાતી હતી. ગ્રીક, રોમમાં તેનો વપરાશ હતો. હવે અમેરિકા, લંડન, જાપાન, ચીન, વિવિધ રાજ્યો, ખંડો લસણ સામાન્ય ખાદ્ય વાનગીઓ, પદાર્થોમાં જુદાજુદા પ્રકારે નિત્ય વપરાશમાં થઈ છે. અનેક દવાઓમાં તે અને તેના મિશ્રણ, પાવડર કે પ્રવાહી ઉપયોગો મોટા પાયે થાય છે કારણ કે અનેક મેડિકલ રિસર્ચના અહેવાલોએ અનેક અખતરાઓ બાદ લસણ માનવ હેલ્થ માટે ઉપકારક બતાવ્યું છે. જો સમજણપૂર્વક તેનો વપરાશ થઈ તો તેના ઘણા ફાયદા છે. એક અભ્યાસ મુજબ વિશ્વવ્યાપી વપરાશ વ્યક્તિ દીઠ ૨ પાઉન્ડ છે. આમ તો લસણનો વપરાશ નવ પાષાણ યુગ(નિયોલિથિક) સમયથી થતો આવ્યો હોવાની નોંધ મળી છે. નેશનલ એગ્રીકલ્ચર સ્ટેટિસ્ટિક્સ સર્વિસ દ્વારા ૨૦૨૦માં કરેલા સર્વેમાં યુ.એસ. ઉત્પાદકોએ ૨૪,૭૦૦ એકરમાં લસણની ખેતી લણણી કરી હતી. ગત વર્ષે ૨૬૪ મિલિયન ડોલરની કિંમતના ૩૪૬ મિલિયન પાઉન્ડનું ઉત્પાદન કરેલું. આ આંકડા લસણની વ્યાપકતા નો અંદાજ આપે છે. સુધી વધુ ઉત્પાદન હાલમાં ચીન કરે છે, ભારતનો લસણ ખેતી માટે બીજો નંબર ગણાય છે. તે પછી દ.કોરિયા, ઈજિપ્ત અને રશિયા છે. વિશ્વમાં લસણનો વ્યાપક પ્રચાર કરવામાં,લોકોમાં પ્રોત્સાહન આપવામાંઅનેવાપર કરવા માટે જુદા જુદા ઉપાયો શોધવા ગિલરોય-કલીફોનિયા લસણની રાજધાની ગણાય છે. અહીં ૩૦ વર્ષમાં ૩૦ લાખ મુલાકાતીઓ 'ગાર્લિક ફેસ્ટિવલ' માનવ આવ્યા છે.લસણના અવનવા થીમ સાથે, લસણ અંગેની હરીફાઈઓ, રમતગમત, લોકકલા-હસ્તકલા પ્રદર્શનો, શિબિર, ચર્ચાસત્ર, સ્થાનિક હિતાર્થી માટે પ્રવૃતિઓ યોજવી વિજેતાઓને ઈનામો આપી સત્કારવામાં આવે છે. ભૂમધ્ય દેશોમાં, ફ્રેન્ચ ઈટાલિયન રાંધણકળામાં લસણ વપરાશ ખૂબ થાય છે. અમેરિકામાં રાંધણકળા નિષ્ણાતો ૨૦મી સદીમાં જેમ્સ બીયર્ડ અને ક્રેગ ક્લેબર્નર લસણ ને ખાદ્ય વાનગીમાં લોકપ્રિય બનાવી છે. ભારતમાં રાંધણકળા રેસિપી લેખિકા તરલા દલાલ, સંજીવ કપૂર તથા અન્ય લેખક, લેખિકાઓના પ્રયાસ નોંધપાત્ર છે. વિશ્વમાં લસણની ૩૦૦ જાતિઓ હોવાની નોંધ છે. ધીમે ધીમે કેનેડા, તુર્કસ્તાન, ઓસ્ટેલયા, ઈટાલી, યુએસ.એ વગેરેમાં લસણ ફેસ્ટિવલ થાય છે સૌ એ સ્વીકારેલ છે કે લસણ પ્રકૃતિની અજાયબ ભેટ છે. ધાર્મિક વૃત્તિને બાજુએ મૂકીને આરોગ્યવર્ધક લસણને રસોઈ, મસાલા, અથાણાં, સૂપ, ચટણી અથવા સૂકા, લીલા કે ગોળી, પાવડર કોઈપણ રીતે રોજિંદા વપરાશમાં લેવું સ્ત્રી, પુરૂષ, વૃદ્ધ માટે લાભકારી છે. સમજદારી સાથે જરૂર પડે ડોક્ટર, વૈદની સલાહ લઈને વાપરવું જોઈએ, આડેધડ લેવામાં આડ અસર ઉભી કરવાનું જોખમ ખરૂ.

- જિતેન્દ્ર પાટ






ભુખ્યા પેટે અને ઉઘાડા પગે આપણને ભણતર અનુકુળ અવશ ?




ગરીબ બાળકો શિક્ષિત થશે તો આપણને મત કોણ આપશે ?

### શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનુ સ્તુત્ય પગલું

# વિદ્વાન કવિઓ સૌરાષ્ટ્ર-તમિલ-સંગમમ્ સંબંધિત શ્લોકોની રચના કરી રહ્યાં છે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા સોમનાથ રામેશ્વરસંગમાષ્ટકમ્ રચવામાં આવ્યું છે. જ્યારે રામેશ્વર અને સોમનાથ બંને સ્થળનો સુભગ સંગમ થઈ રહ્યો છે તેવા ઐતિહાસિક પ્રસંગે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને સંલગ્ન મહાવિદ્યાલયોના વિદ્વાન કવિઓ દ્વારા કલા, શિક્ષણ અને સાંસ્કૃતિક એકતાના ઐતિહાસિક કાર્યક્રમ એવા સૌરાષ્ટ્ર તમિલ સંગમમ્ વિશેના ભાવ અને લોકોના ઉત્સાહને ધ્યાને લઈ એક ભારત શ્રેષ્ઠ ભારત વગેરેની કલ્પનાને શબ્દદેહ આપવાનો અભિનવ વિચાર અમલમાં મુકવામાં આવ્યો છે. આ ભાવ અને લાગણીઓની અભિવ્યક્તિ માટે વિદ્વાન કવિઓએ સૌરાષ્ટ્ર તમિલ સંગમમ્ સંબંધિત શ્લોકોની રચના કરી રહ્યાં છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમમ્ કાર્યક્રમ પૂરો થાય તે પહેલાં રચવામાં આવેલા શ્લોકોમાંથી ઉત્તમ શ્લોકોની પસંદગી કરીને એક પુસ્તક પ્રસિધ્ધ કરવામાં આવશે. આના પરિણામે પાઠકો સુધી શબ્દ દેહે આ પ્રબુધ્ધ કવિઓનો ઉમદા ભાવ અને લાગણી પહોંચશે તેમ જ આ ઐતિહાસિક સૌરાષ્ટ્ર તમિલ સંગમની યાદો ચિરંજીવ બની લોકોના હદયમાં સદાય ધબકતી રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી એ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની વિકાસ યોજનાઓમાં શાસ્ત્ર વિકાસના હેતુ માટે ગુજરાત રાજ્યને મળેલ એક અમૂલ્ય ઉપહાર છે. તેમની જ દીઘર્દ્રષ્ટિના પરિણામ સ્વરૂપે આ યુનિવર્સિટી સંસ્કૃત પ્રચાર અને શાસ્ત્ર પ્રચારના સંકલ્પને સાકાર કરી રહી છે. માનનીય નરેન્દ્ર મોદીજીએ યુનિવર્સિટી ની સ્થાપના કરતા કહ્યું હતું કે " શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વ્યક્તિઓનું નહીં પણ ભાવિ પેઢીઓનું નિર્માણ કરશે . આ વિશ્વવિદ્યાલય ની સ્થાપના માનવનિર્માણ રૂપી મહા અભિયાનની શરૂઆત છે " એ ખરેખર ચરિતાર્થ થઈ રહ્યું છે.

ભારતના સર્વાધિક લોકપ્રિય અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સૌરાષ્ટ્ર તમિલ સંગમમ્ કાર્યક્રમ ગુજરાત અને તમિલનાડુની ભુમિ ઉપર આકાર લઈ રહ્યો છે. અનેક સૌરાષ્ટ્રવાસીઓ અને તમિલવાસીઓ આ કાર્યક્રમમાં હદયપૂર્વક જોડાઈ રહ્યાં છે ત્યારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સહયોગથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ પણ ઉમંગપૂર્વક પ્રસ્તુત કાર્યક્રમમાં સહભાગી બની એનો સૂર પુરાવી રહી છે. સંસ્કૃતને મુખ્ય આધાર રાખીને સૌરાષ્ટ્ર તમિલ સંગમમ્ વિશે યુનિવર્સિટી સાથે જોડાયેલા પ્રબુધ્ધ અને વિદ્વાન કવિઓ આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે તેને કાવ્યના સ્વરૂપમાં ઢાળીને સૌરાષ્ટ્ર તમિલ સંગમના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વને ઉજાગર કરવા માટે આગળ આવ્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, નેક દ્વારા છ ગ્રેડ પ્રાપ્ત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ગુજરાત રાજ્યની એક માત્ર સંસ્કૃત યુનિવર્સિટી છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ના ધ્યેયમંત્ર સાથે તમામ ક્ષેત્રમાં ઉત્તમ અને ગુણવત્તાયુક્ત કાર્ય કરવા માટે સતત પ્રયત્નશીલ છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સાથે ૧ ૧૯ સંસ્થાઓ જોડાયેલી છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં ભારતીય જ્ઞાન પરંપરાને ઉજાગર કરતાં વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. અહીં પરંપરાગત વિષયોની સાથે આધુનિક વિષયોને પણ આવરી લેવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા વિવિધ વિષયો ઉપર મનનીય અનેક ગ્રંથો પ્રકાશિત કરવામાં આવે છે. હવે શ્રી સોમનાશ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા સૌરાષ્ટ્ર તામિલ સંગમપ્રશસ્તિ વિશેષ ગ્રંથ તરીકે પ્રકાશિત થનાર છે.

સૌરાષ્ટ્ર તમિલ સંગમમ્ થકી અનેક નવી દિશાઓ ઉઘડી રહી છે એની અનુભુતિ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને સંલગ્ન મહાવિદ્યાલયોના વિદ્વાન કવિઓ દ્વારા સુપેરે થઈ રહી છે. બન્ને પ્રદેશો વચ્ચેની બારસો વર્ષ જૂની યાદો આળસ મરડીને ઊભી થઈ રહી છે ત્યારે આ પ્રકારનો ઉપક્રમ પ્રસ્તુત કાર્યક્રમને વધુ જીવંત બનાવશે. આવતાં સેંકડો વર્ષો સુધી બન્ને વચ્ચેના અતૂટ સંબંધોના નવા પ્રકરણો દેશ અને દુનિયા જોવાની છે. તમિલનાડુના સૌરાષ્ટ્રીયનો માટે સૌરાષ્ટ્ર બન્યુ 'પિયર' તો સૌરાષ્ટ્રવાસીઓ માટે તમિલનાડુ બન્યું છે એમનુ 'બીજું ઘર'. વિશ્વભરને આશ્ચર્યચકિત કરી દેનારી આ એક દુર્લભ ઘટનામાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને સંલગ્ન મહાવિદ્યાલયોના વિદ્વાન કવિઓએ નવું જ એક પ્રાણવાન અને જાનદાર તત્ત્વ ઉમેર્યું છે. 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ'માં સહભાગી બનવા સૌ થનગની રહ્યાં હોય ત્યારે આ પ્રકારનો ભાવ નિઃસંદેહપણે સૌકોઈના હદયને પુલકિત કરી દે એ સ્વાભાવિક વાત છે.

## જૂનાગઢમાં ૨૯ રોઝા પુરા કરી ખુદાની બંદગી કરી



જૂનાગઢ તા. ૨૪

મુસ્લીમ બિરાદરોનાં પવિત્ર રમઝાન માસ દરમ્યાન જૂનાગઢનાં મોહમદ ઝૈદ યુસુફભાઈ (ઈલુભાઈ) બેલીમ ઉ.વ. ૭એ ૨૯ રોઝા રાખી અને ખુદાની બંદગી કરી હતી. બાળ રોજેદારની અલ્લાહ પ્રત્યેની અખુટ શ્રધ્ધા અને સર્વેનાં કલ્યાણની ભાવના સાથે ૨૯ રોઝા રાખી ખુદાની બંદગી કરી હોય તેની સરાહના કરવામાં આવી રહી છે.

## દ્વારકામાં રૂકમણી મંદિરે શીશ ઝુકાવતાં સૌરાષ્ટ્રીયન તમિલ



દેવભૂમિ દ્વારકા તા. ૨૪

સૌરાષ્ટ્ર તમિલ સંગમ અન્વયે દ્વારકા પધારેલા સૌરાષ્ટ્રીયન તમિલ બાંધવોએ રૂકમણી મંદિરે શીશ ઝુકાવ્યું હતું.

રૂકમણી માતાનાં મંદિરનો ઈતિહાસ, પૌરાણિક કથાઓ સાંભળી ધન્યતા અનુભવી હતી. યાત્રીઓએ મંદિરનો જળપ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો. દ્વારકાધીશના દર્શનની સાથે સાથે રૂકમણી મંદિરે પણ દર્શન કરવાનું અનેરૂં માહત્મ્ય છે.

**Mankind Pharma Limited**
Pan-India market and distribution coverage
with focus on affordability and accessibility



- Engaged in developing, manufacturing and marketing a diverse range of pharmaceutical formulations across various acute and chronic therapeutic areas, as well as several consumer healthcare products
- 25 manufacturing and four research and development facilities with capabilities across key therapeutic areas
- An established track record of building and scaling brands in-house
- Present in several acute and chronic therapeutic areas in India, including anti-infectives, cardiovascular, gastrointestinal, anti-diabetic, neuro/CNS, vitamins/minerals/nutrients and respiratory
- Established several differentiated brands in the condoms, pregnancy detection, emergency contraceptives, antacid powders, vitamin and mineral supplements and anti-acne preparations categories



Mankind
Serving Life
www.mankindpharma.com

**Risk Factors as per the RHP: (1) Any disruption, slowdown or shutdown in our manufacturing or R&D operations could adversely affect our business, financial condition, cash flows and results of operations. (2) Any delay, interruption or reduction in the supply of our raw materials or finished formulations from our third-party suppliers and manufacturers, or an increase in the costs of such raw materials and finished formulations, may adversely impact the pricing and supply of our products and have an adverse effect on our business, financial condition, cash flows and results of operations. (3) We derive a significant portion of our revenue from operations from a limited number of markets. (4) Introduction of stricter norms regulating marketing practices by pharma companies could affect our ability to effectively market our products, which may have an adverse effect on our business, results of operations and financial condition. (5) Certain therapeutic areas contribute to a more significant portion of our total revenue in India, and our business, financial condition, cash flows and results of operations may be adversely affected if our products in these therapeutic areas do not perform as expected or if competing products become available and gain wider market acceptance. (6) The IQVIA Report and the IQVIA Dataset are subject to various limitations and are based upon certain assumptions that are subjective in nature.**

**MANKIND PHARMA LIMITED** (the "Company") is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its equity shares of face value of Re. 1 each ("Equity Shares" and such offering, the "Offer") and has filed the red herring prospectus dated April 14, 2023 ("RHP") with Registrar of Companies, Delhi and Haryana at New Delhi, on April 15, 2023. The RHP shall be available on the website of Securities and Exchange Board of India ("SEBI") at www.sebi.gov.in, websites of BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the book running lead managers to the Offer, i.e. Kotak Mahindra Capital Company Limited, Axis Capital Limited, IIFL Securities Limited, Jefferies India Private Limited and J.P. Morgan India Private Limited at https://investmentbank.kotak.com, www.axiscapital.co.in, www.iiflcap.com, www.jefferies.com and www.jpmipl.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled "Risk Factors" on page 44 of the RHP. Potential investors should not rely on the Draft Red Herring Prospectus dated September 15, 2022 filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) in the United States only to persons that are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A) pursuant to Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 24



